

# વાયડામિત્ર

વર્ષ : ૯૭ અંક : ૯ સપ્ટેમ્બર- ૨૦૧૯
કિંમત રૂ ૩૦ (વાર્ષિક)

ગણેશચતુર્થીની ખૂબ ખૂબ
શુભકામનાઓ



With Best compliment form

# Shree Vayad Group of Companies

**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samarinandan Projects pvt. Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Trupti Rajendra Shah
Rahul Shah

Jitendra Shah
Sunita Shah

Address

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi,
M.G. Road, Ghatkopar, East Mumbai - 400 077
Ph. 022-21027687, E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**સપ્ટેમ્બર - ૨૦૧૯, પ્રત-૧૧૨૬, વર્ષ-૯૭, અંક-૯**

VAYVASET
Connecting mutual strengths

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in


### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |



**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

ડી/૬૦૨, વિષ્ણુધારા ગાર્ડન્સ, ઈલોગીયા હોટલ પાછળ,

ઓફ એસ.જી. હાઈવે, ગોતા-જગતપુર રોડ, અમદાવાદ-૩૮૨૪૭૦

ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ (સાંજે ૯.૦૦ પછી) ઈ-મેઈલ : naparikh7@yahoo.in


### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂ.૩૦/-(સામાન્ય), રૂ.૧૦૦૧/-(આજીવન), રૂ.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં :** રૂ. ૫૦૦૧/- સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

# વાયુ



વાયુ વિના જીવન શક્ય નથી પણ આ તો પ્રચંડ રૌદ્ર રૂપે “વાયુ” આવી રહ્યું છે એ સમાચારથી સમગ્ર ગુજરાતનું જનજીવન જાગૃત થઈ ગયું. માછીમારો જ નહીં, સાગરખેડૂઓ જ નહીં, કાંઠા વિસ્તારનો એક એક નાગરિક પરિવાર સાથે સહીસલામત રહેવાના – પોતાના આશિયાનાની સલામતી માટે દોડતો થઈ ગયો. સરકારે પણ અગમચેતીને સમજી લોકોના જાનમાલને નુકશાન ન થાય – કોઈ મોટી ઉપાધી ના ઉભી થાય તે માટે દોડાદોડી શરૂ કરી દીધી. લોકોને જાગૃત કરવા – સલામત સ્થળે ખસેડવા – આવનાર મુશ્કેલીના સમયને પહોંચી વળવા કપડાં – દવાઓ – ભોજન અને આશિયાનાની સગવડતાને પહોંચી વળવા તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી – મિડીયા પણ, જનજાગૃતિ અભિયાનમાં લાગી ગયું. કારણ... આવનાર “વાયુ” સાયક્લોન એ કંઈ નાનુ–સુનું ન હતું. એની કલ્પના કરવી જ મુશ્કેલ હતી. રેડીયો – ટીવી – છાપા જ નહીં સોશ્યલ મીડીયા પણ જનજાગૃતિ અભિયાનમાં જોડાઈ ગયું. સામાજીક સંસ્થાઓએ પણ નાસ્તાના ફુડ પેકેટ – દવા – કપડા કે રોજીંદા જીવનની જરૂરિયાતોને મુશ્કેલીગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચાડવા સાબદા થઈ ગયા. અઠવાડીયા સુધી ટી.વી., છાપા એ પોતપોતાની રીતે દિવસ–રાત લોકો સુધી સમાચારો પહોંચાડવા. આકાશ–પાતાળ એક કર્યા. જ્યાં જાવ ત્યાં એક જ ચર્ચા થતી “વાયુ” વાવાઝોડું ક્યાં છે ? ક્યારે કિનારાઓને અથડાશે ? શું શું કરી શકે ? એની તિવ્રતા કેટલી ? એની શક્તિ કેટલી ? પવનની દિશા અને ઝડપી કેવી અને કેટલી હશે ? ખાના–ખરાબી કેટલી કરશે ? કેટલાય દિવસો સુધી કાંઠા વિસ્તારના લોકોએ દિવસ–રાત અજંપા ભરી પરિસ્થિતિમાં વિતાવ્યા હશે ?

આ બધાથી મારું મન પણ વ્યગ્ર હતું – હું પણ દિવસ–રાત આવનાર હોનારતને જાણે સ્વપ્નોમાં પણ જોઈ રહી હતી. શું થશે ? કેટલું નુકશાન થશે ? ગરીબોનું શું થશે ? સલામત તો રહેશે ને ? ગુજરાત પર આવો ભય ક્યારેય ડોકાયો ન હતો. નાની મોટી મુશ્કેલીઓ તો આવતી – પણ ભડવીર ગુજરાતીને એમાંથી રસ્તો કાઢી હિંમતથી બેઠા થતા વાર લાગતી ન હતી – ૨૦૦૧નો ધરતીકંપ ગુજરાતે જોયો છે પણ આ વખતે જોરદાર (૧૫૦ કિ.મી.ની ઝડપે) પવન તો ફૂંકાયેલ એ એની શક્તિનો પરચો આપશે જ પણ એની પાછળ આવી રહેલો ભારે થી અતિભારે વરસાદ પડ્યા પર પાટુ હશે. હું જ નહીં. કાંઠા વિસ્તારના લોકો જ નહીં પણ બધાં જ ચિંતામાં હતાં. રાત્રે આવેલા છેલ્લા

સમાચારમાં જાણવા મળ્યું – વાયુ દ્વારીકાને ધ્રુજાવશે, વાયુ દ્વારિકાને ટકરાશે – સાગરના મહાકાય મોજાઓ થી દ્વારીકાનો દરિયો ઉલેચાઈ જશે. લોકોને સલામત સ્થળે ખસી જવા વિનંતી કરવામાં આવી. દ્વારિકાને ઓખા જ નહીં, પોરબંદર, જામનગર, માંડવીના દરિયે બે નંબરના સિંગ્નલ લાગી ચૂક્યા હતાં – રાત્રે છેલ્લા સમાચાર જોઈ અમે નિંદ્રાધીન થયા.

ઊંઘમાં પણ વાયુ વાવાઝોડું ધ્રુજાવતું હતું. મોડા મોડા ઊંઘ તો આવી. અને હું.... સૃષ્ટિમાં સરી પડી...

વાયુ વાવાઝોડાએ દ્વારિકાને દરિયાને ઉલેચી કાઢ્યો. દરિયાના પેટાળની એક એક જીવ સૃષ્ટિ – ખડકો – અશ્મિઓ દરિયા કિનારે ફંગોળાવા માંડ્યા. આવું પ્રકૃતિનું રૌદ્ર સ્વરૂપ કોઈએ જોયું ન હતું કે જાણ્યું પણ ન હતું. દ્વારિકાના લોકો જીવ લઈને નાઠા. અરે જાણે દ્વારિકાધીશને પણ વિસરી ગયા. માઈલો દૂર પહોંચી જ્યાં જે જગ્યા મળી કે જ્યાં આશરો મળ્યો ત્યાં રાત વિતાવવા રોકાયા – સૌના મનમાં ભય હતો – શું થશે ? નો મોટો પ્રશ્ન હતો. દ્વારિકા સવારે જોવા મળશે ? ઘરબારને પણ ભૂલી ગયા – માનો જાન બચી લાખો પાયે ના સથવારે એકબીજાને સાંત્વના આપવા માંડયા – તો ક્યાં કોઈ દરિયાદેવને રિઝવવા માંડયા. પવનના સૂસવાટા – ઉપરથી વરસતો અનારાધાર વરસાદ અને સમુદ્રનો તોફાની ઘૂંઘવાટ – ભલભલા મર્દોને પણ ધ્રુજાવી ગયો. તોફાનની આ પારાકાષ્ટ હતી. માતાઓ – બહેનોએ પોતાનાને ગળે વળગાડયા અને એ તોફાની રાત્રીમાંથી હેમખેમ બહાર નીકળવા ભગવાન દ્વારકાધીશને વિનવણી કરવા માંડી. દ્વારિકાના નાથને પ્રાર્થના કરવા માંડી. સમય વીતતો હતો. રાત્રીના ૨–૩૦ થી ૩–૦૦ વાગી ચૂક્યા હતા. તોફાનને પણ જાણે હવે થાક લાગવા માંડયો હોય તેમ ધીમું પડવાની શરૂઆત થઈ. આમને આમ કલાકો વિત્યા – સવાર થવા આવ્યું – પૂર્વ દિસામાંથી સૂર્યનારાયણનો રથ આવવાના એંધાણ વરતાવા માંડયા. તોફાન દ્વારિકાને રગદોળીને આગળ નીકળી ચૂક્યું હતું.

સવાર પડી, સૂર્યનું પહેલું કિરણ પૃથ્વીને સ્પર્શી ચૂકયું હતું. પડીકે બંધાયેલા જીવ હેઠા – બેઠા – હવે શું ? યુવાનોએ પરિસ્થિતીની બાગડોર હાથમાં લેતા દ્વારિકાના લોકોને કહ્યું – તમે અહીં જ સલામત છો – અમે નગર તરફ જઈ ને પરિસ્થિતિ જાણીને આવીએ – અને બધું સલામત લાગે એટલે બધાને બોલાવીએ.

યુવાનોએ દ્વારિકાની વાટ પકડી – જનસમુદાય ત્યાં જ રહ્યો. લોકોએ પોતાના વાહનો સાથે લઈ લીધા હતાં. જ્યાં સુધી રસ્તો સારો હતો ત્યાં સુધી તો યુવાનો સરળતાથી પહોંચી ગયા. દરિયાએ દ્વારિકાના માર્ગોને સાફ કરી આપ્યાં હતાં એટલું જ નહીં – માર્ગ આવતા કેટલી વસ્તુઓને પણ ખસેડી કાઢી હતી. યુવાનો આછા અજવાળામાં નગરના

દ્વારે પહોંચી ગયા. દરિયાના પાણીએ આખી દ્વારિકાનગરીને માથાભેર ધોઈ કાઢી હતી. ક્યાંક રસ્તા સાફ હતા તો ક્યાંક તૂટી ગયા હતા. ક્યાંક ઘરોમાં પાણી હતું – તો ક્યાંય ઘરોનો માલ–સામાન બહાર ઘસડાઈ ગયો હતો. રસ્તો ખૂંદતા યુવાનો તટ પર પહોંચવા આવ્યા – દરિયાનાં મોજા થાકી–હારીને જાણે શાંત થયા હતા. દરિયાની લહેરો પણ જાણે શાંત થઈને દ્વારિકાના ચરણ પખાળતી હતી અને આકાશમાં છવાયેલા વાદળો વચ્ચેથી સૂર્યનારાયણે દર્શન આપ્યા. દરિયા કિનારેથી આછા અંધકારનો પડદો ખસી ગયો. યુવાનોની આંખો અંજાઈ ગઈ. પીળા તેજસ્વી પ્રકાશથી આંખો અંજાઈ જતા યુવાનોએ એકબીજાના હાથ જોરથી પકડી લીધા. કિનારા પર વેરવિખેર પડેલા હજારો અને લાખો અવશેષોએ યુવાનોનું કુતુહલ વધારી દીધું. હા, જરા શ્વાસને હેઠો કરી તેઓ કિનારાની નજીક ગયા અને એક નક્કર સત્ય સામે દેખાયું. તમે પણ જરા સાવધાન થઈ જાવ.

આખો દ્વારિકાનો કિનારો દરિયામાં ડૂબી ગયેલી સોનાની દ્વારિકાના અવશેષોથી છવાઈ ગયો હતો અને એ સોનાના થાંભલા – બારી – દરવાજા – અને ઝરૂખાના સોનાના અવશેષો વિખરાયેલા જોઈ યુવાનોની આંખો પહોંચી થઈ ગઈ. દ્વારિકાધીશની અપરંપાર કૃપાનો તેમને પરચો જોયો. મેં પણ આ બધુ સ્વપ્નમાં જોયું – ખૂબ આનંદ સાથે મારી સવાર પડી. સ્વપ્ન સિધ્ધીની આશા સાથે ઉઠતાવેંત ટી.વી. ની સ્વીચ દબાવી વાયુ વાવાઝોડું દ્વારિકાના દરિયાકિનારાથી ઓમાન તરફ આગળ નીકળી ગયું હતું.

**– ગીતા રમેન્દ્ર પરીખ**



### દુલ્હનની મહેંદી

જીવનમાં નવી આશા જગાડશે, આ મ્હેંદી....
પલકો માં સ્વપ્નોને સજાવી જાશે, આ મ્હેંદી...
લગનના શમિયાણામાં પ્રિયતમ ના પગરવ મંડાશે,
ને મલકાઈ ઉઠશે આ મ્હેંદી....
પ્રિયતમના નયનોમાં જ્યારે સમાઈ જાશે,
ત્યારે નીરખી ઉઠશે આ મ્હેંદી....

**ડો. રાકેશ પરીખ,**
**અમદાવાદ**

## FROM A DOCTOR'S VIEW
## ખોરાક વિશેની ગેરમાન્યતાઓ



ફળ, બટાકા, ભાતથી ડાયાબિટીસ થાય છે, એવી માન્યતા છે.

હકીકત : ડાયાબિટીસ એટલે રક્તમાં વધુ પ્રમાણમાં GLUCOSE હોવું, અને આમ ત્યારે થાય, જયારે PANCREAS ની, લોહીમાં રહેલ GLUCOSE ને PROCESS કરવાની ક્ષમતા ઘટતી જાય છે. માટે, ડાયાબીટીસના દર્દીઓએ એમની CARBOHYDRATE ની માત્રા નિયંત્રણમાં રાખવી પડે. ફળ, બટાકા, ભાતથી ડાયાબિટીસ થાય નહીં, પરંતુ ડાયાબિટીસના દર્દીઓએ આવા ખોરાકની માત્રા ઓછી લેવી. અથવા, આ ખોરાકને જમણમાં ઉમેરવા કરતાં REPLACE કરવાં.

દા.ત. તમે રોજ જમવામાં 3 રોટલી લેતા હો, તો ૨ રોટલી લઈને ૧ રોટલી જેટલો ભાત લઈ શકો. તમને ગળપણ ખાવાનું મન થાય, ત્યારે Sweet Dish ની જગ્યાએ કોઈ Fruit Dish લેવી. એટલે સરવાળે, તમારા ખોરાકમાં CARBOHYDRATE નું પ્રમાણ જળવાઈ રહે.

આ રીતે ડાયાબીટીસના દર્દીઓએ એમની FOOD HABITS CONTROL કરવી જોઈએ.

ચા – કોફી પીવાથી સવાર તાજગી ભરી રહે, એવી માન્યતા છે.

હકીકત : ચા–કોફી પીવાથી INSTANT ENERGY સમય સુધી ટકે નહીં ઉપરાંત, ચા અને કોફી શરીરને DEHYDRATE કરે. ખરેખર તો, રાતના 8-10 કલાકના FASTING પછી સવારનો નાસ્તો અને પીણું પૌષ્ટિક હોવા જોઈએ, જે તમને બપોરના જમણ સુધી ENERGETIC રાખે.

દા.ત. સવારના નાસ્તામાં ફણગાવેલા કઠોળ, ભાખરી, થેપલાં, ઉપમા, પૌંઆ વગેરે અને સાથે વિવિધ ફળોના રસ, HERBAL TEA અથવા દૂધ/ઉકાળો લઈ શકાય.

આમ, ચા–કોફીની અવેજીમાં પણ તમે FRESH રહી શકો.

ડાયાબીટીસના દર્દીઓ માટે SUGAR FREE ખાંડ અને ગોળ કરતાં સારી, એવી માન્યતા છે.

હકીકત : SUGAR FREE એટલે SYNTHETIC COMPOUND - CHEMICALS થી બનેલું અને ખાંડ અને ગોળ શેરડીના રસમાંથી બને, જે પૌષ્ટિક હોય ઉપરાંત, ગોળમાં બીજા ધણા MINERALS પણ હોય, માટે ખાંડ કરતાં ગોળ વધુ સારો વધુમાં SUGAR FREE માં આવતાં CHEMICAL PROCARCINOGENIC હોય – એટલે કે શરીરમાં જઈ CANCER થવાની શકયતા વધારે માટે, ફક્ત ડાયાબીટીસના દર્દીઓ માટે નહીં, પણ આમ લોકો માટે પણ SUGER FREE કરતાં ખાંડ અને ગોઈ વધુ સારાં.

દા.ત. ચા/કોફી/મીઠાઈમાં SUGAR FREE નાખવા કરતાં ખાંડ/ગોળ ઓછી માત્રામાં નાખવા સારા.

DETOX DIETS ખરેખર શરીરને DETOX કરે છે, એવી માન્યતા છે.

હકીકત : શરીરને ખરેખર કોઈ DETOX FOODની જરૂર હોતી નથી. શરીરમાં DETOX લીવર જ નું કામ કરે છે. શરીરમાં ખાણી–પીણી અને વાતાવરણમાં રહેલાં POLLUTANTS ને દૂર કરી શરીરને સાફ કરવાનું કામ કરે LIVER એટલે જ કહેવાય છે કે,

THE LIFE OF THE LIVER, DEPENDS ON THE LIVER

તમે LIVER નું ધ્યાન રાખો – LIVER તમારું ધ્યાન રાખશે. LIVER ની HEALTH નું ધ્યાન રાખવા માટે બે ચીજ જરૂરી –

શરાબથી દૂર રહેવું અને બહારનું પાણી પીવું નહીં (ખાસ કરી, બહારની પાણીપુરી ખાવી નહીં)

લોકોની માન્યતા છે કે FAST FOOD ખાઈને પણ, EXERCISE કરી HEALTYરહી શકાય.

હકીકત : FITNESS IS 20% EXERCISE AND 80% DIET

એટલે કે, FIT અને HEALTHY રહેવા માટે, EXERCISE ની સાથે સાથે DIET પણ ખૂબ જ અગત્યનું છે. EXERCISE માટે શરીરને જોઈતી ઉર્જા પૌષ્ટિક આહારમાંથી જ મળે, FAST FOOD માંથી નહીં.

દા.ત. PIZZA અને BUGER ખાઈને દોઢ કલાક કસરત કરવાનો કોઈ મતલબ રહેતો નથી.

સફેદ ચોખા કરતાં BROWN RICE વધુ સારાં, એવી માન્યતા છે.

હકીકત : BROWN RICE માં FIBRES વધુ હોય અને લોકોનું માનવું છે કે વધુ FIBRES ખાવાથી શરીર સારું રહે પણ ખરેખર તો, વધુ પડતાં FIBRES થી ગેસની તકલીફ રહે, પેટ ભારે રહે અને અપચાની સમસ્યા થઈ શકે. માટે FIBRES સારાં, પરંતુ માપમાં BROWN RICE કરતાં WHITE RICE સારાં, અને એના કરતા પણ વધુ સારા – BOILED RICE, BOILD RICE માં VITAMIN B ની માત્રા જળવાઈ રહે છે.

દિવસમાં ગમે તે સમયે ફળ ખાઈ શકાય, એવી માન્યતા છે.

હકીકત : ખરેખર તો ફળો ખાલી પેટે અને LUNCH - DINNER ની પહેલાં લેવા જોઈએ ખાલી પેટે લેવાથી ફળોના પોષક તત્વો શરીરમાં સારી રીતે ABSORB થાય.

એટલે કે, રાતના જમણ પછી FRUIT DISH લેવા કરતાં, DINNER પહેલાં લેવી સારી.

લોકો માને છે કે, અથાણાં પૌષ્ટિક આહાર નથી.

હકીકત : આપણાં દાદા–પરદાદાના વખતમાં છૂંદા–અથાણાં ભાણાંનો અભિન્ન અંગ હતા. કારણ કે, છુંદા–અથાણાંમાં આવતાં કેરી, ગોળ, રાઈ–મેથી, સરસિયું વગેરે શરીર માટે ખુબ ગુણકારી જૂના જમાનામાં વપરાતી પદ્ધતિથી બનતાં અથાણામાં FERMENTATION ની પ્રક્રિયા થાય, જે VITAMIN Dના ABSORPTION માં મદદરૂપ થાય. અત્યારે આ જ છૂંદા – અથાણાં વગોવાઈ ગયા છે. કારણ કે અથાણાંની વિવિધ પ્રકારની વેરાઈટી બનાવવામાં VINEGAR, PRESERVATIVES અને બીજા કેમીકલ્સ વપરાય છે, જે શરીર માટે નુકસાનકારક છે.

તેથી દાદીમાની પદ્ધતિથી અથાણાં બનાવવાં.

**– ડો. ફોરમ અમિષ પરીખ**

**વા. મિ. અંક ન મળવા અંગે**

અંક દર માસની ૧૦મી તારીખે અચૂક પોસ્ટ કરવામાં આવે છે અંક ન મળે તો જેતે માસની ૨૫મી તારીખ પછી શ્રી પ્રમોદભાઇનો સંપર્ક કરવો. સરનામા માં ફેરફાર અંગે પણ શ્રી પ્રમોદભાઈનો સંપર્ક કરવા વિનંતી. મો.: ૮૯૮૦૦૧૮૮૫૧, ૯૪૨૭૮૦૦૩૫૯

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ – મુબઈ)જય શ્રી કૃષ્ણ.

## *PAIN KILLERS*



Pain killers are one of the most commonly used medicines, without a prescription. Today, let's know more about them.

- What are pain killers?

Pain killers are medicines used to achieve analgesia, i.e. relief from pain. They do not cure the disease, nor do they modify the disease process. They just give symptomatic relief from pain.

- What are the types of pain killers?

They are chiefly of two types:

- NSAIDs (non-steroidal anti-inflammatory drugs)
- Opioids / narcotics / steroidal anti-inflammatory drugs

NSAIDs: These are the most commonly used pain killers, for headache, stomach ache, joint pain, and fever as well. They basically have two properties – one of relieving pain, and the other of reducing the internal inflammation. Some of them like paracetamol, have weak effects on inflammation and pain, but they are strong anti-pyretics, i.e. relieve fever. These are easily available as over-the-counter (OTC) drugs, i.e. without the prescription. Commonly used medicines (in chemical names) are: paracetamol (for fever and pain), ibuprofen (for pain), diclofenac (for pain), dicyclomine (an anti-spasmodic, used for stomach ache), etc.

Opioids / Narcotics: These are another class of pain killers, with very strong analgesic properties, but even more side effects. These are generally used for very severe conditions, like cancer patients, before and after operations to decrease the pain, etc. The disadvantage of these drugs is that, they are

addictive, and carry abuse potential. Hence, they fall under the category of Schedule X drugs, i.e. the drugs which cannot be sold without the prescription of a registered medical practitioner.

- When are pain killers used?

Certain diseases / conditions present with pain, where pain is the chief or sometimes, the only symptom. In such cases, pain killers are used. For mild-to-moderate pain, NSAIDs are given. Besides being very effective for such conditions, they are available without prescription and also, do not have many side effects.

For cases with severe pain, narcotic / steroidal pain killers are used. These should never be taken without the advice of a doctor, since they come with a whole lot of side effects, which we'll talk about later.

One very important thing to be kept in mind is that, pain killers just relieve pain, without having any effect on the disease itself. So continuously staying under the effect of pain killers just makes you immune to the feeling of the problem underneath, doing really nothing to the problem, thus making it difficult for you to realise the severity of the condition and the problem may go unnoticed for quite some time.

So, pain killers should always be taken as and when required (with a minimum interval in-between), and NOT ROUND THE CLOCK.

- What will be the dosing of pain killers?

This totally depends on the chemical molecule, the condition and the patient himself. The NSAIDs that we use, usually do not need a strict time scale to be followed, but that does not mean that they are taken with the slightest inclination of pain. Usually, the minimum gap between two doses has to be

8 hours, unless otherwise prescribed by the doctor, relating to the severity of the condition.

One thing to be taken care of is, you should take the next dose only when you feel the pain, and not just because 8 hours have already passed by.

Dosing for children under 12 years of age is very different than adults. Their doses and the dosing schedule depend on their body weight, thus should always be calculated and prescribed by the paediatrician.

- What are the side effects of pain killers?

The ease with which these medicines are taken, it should seem that there should not be any side effects. But that is not the case.

Any medicine that goes into the body, always reacts in a negative way at some point – the only difference being the severity of its unwanted effects.

Talking about NSAIDs, paracetamol when exceeds the maximum dose of the day, can cause liver damage. So this is usually avoided in chronic alcoholics and liver conditions.

Another very popular medicine used is diclofenac (commonly used for ear ache, back ache and joint pain), which is known to cause kidney damage. It should never be taken by patients with kidney damage.

Aspirin, initially used as pain killer, is not nowadays used, owing to its side effect of gastric ulcers and internal bleeding. Also, it can never be used in children under 12 years of age.

Again, NSAIDs are known to increase the risk of cardiovascular events (heart attack, stroke, haemorrhage, etc.) on long-term use.

Now talking about narcotic pain killers, the commonest side effect is drowsiness / sedation. It should never be used for minor ailments here and there. Also, it carries abuse potential, because of the temporary sedative

effect it gives. One very important and serious issue can be respiratory depression (i.e. slowing down of breathing) – especially when used by pregnant women (can harm the unborn child), young children and old patients. This respiratory depression effect will be even more marked when taken with alcohol. Titrating the dose is extremely important for these drugs, taking into account the weight of the patient, the age, the cardio-respiratory status (the heart and lung condition), and liver and kidney functioning.

- Quick review of DO's and DON'Ts while using pain killers:

DO's:

- They are usually taken orally with plain drinking water (at room temperature). They should never be taken with hot water or any other fluids or liquids. The drug component may react with the food and lead to some serious issues. (Certain medicines are advised to be taken with either food or milk, but apart from them, plain drinking water should be used.)
- Always take pain killers as and when required (but never before the minimum interval), and not just round-the-clock.
- Always read the chemical components of the medicines you are using, especially when you are using them without the advice of a doctor / without the prescription.
- Always check for the batch no. and expiry dates before buying any medicines. The batch numbers are important in cases where some particular lot has been faulty, such news being often brought into circulation. And expiry dates are important, because beyond the shelf-life of - of the medicine, it either loses its effect, or increases the side effects.

DON'Ts:

- There should be no random use of pain killers. As I just explained before, they mask the progress of the disease with no effect in its cure.

- No alcohol use when using steroidal / narcotic pain killers. Alcohol increases the side effects of these pain killers. Also using them with NSAIDs is risky – it increases the chances of gastric bleeding and ulcers.
- There should be no self-dosing in children. For children, the doses are calculated as per their age and weight. So let this be done by the doctor.
- Never use steroidal pain killers for insomnia (inability to sleep). Just because these pain killers have the effect of sedation / drowsiness, they should not be abused in such a way. This can lead to slowing down of breathing, and sudden death in sleep.

**KARMA AMISH PARIKH**
**(3rd year student b pharma , Nirma university)**
**VADODARA**

વાયડામિત્ર દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થાય છે. અંક કાળજીથી પોસ્ટકરવામાં આવે છે પરંતુ પોસ્ટ ખાતાની મુશ્કેલીઓને કારણે ઘણીવાર અંક સમયસર મળતો નથી. અંક ન મળવા અંગે પ્રથમ પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી. ત્યાર પછી વ્યવસ્થાપકને જાણ કરવી. અંક સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. ગ્રાહક નંબર અવશ્ય જણાવવો. લેખકોને પોતાની મૌલિક કૃતિઓ મોકલવાનું આમંત્રણ છે. લેખકોએ સારા અને સુવાચ્ય અક્ષરે અથવા ટાઈપ કરાવીને એ-૪ સાઈઝના કાગળની એક બાજુએ ૧૦૦૦ શબ્દોની મર્યાદામાં લખાણ મોકલવાનું રહેશે.લેખકોએ પોતાનું નામ, સરનામુ, ટેલીફોન નંબર, ઈ-મેલ તેમ જ સંક્ષિપ્ત પરિચય મોકલવો. સ્વીકૃત કે અસ્વીકૃત મેટરની જાણ કરવામાં આવતી નથી. લખાણની એક નકલ પોતાની પાસે રાખીને જ મૂળ કૃતિ મોકલવા વિનંતી છે. અન્યત્ર મોકલેલી કે પ્રસિધ્ધ થયેલી કે ઝેરોક્ષ કૃતિઓ મોકલવી નહીં. અન્ય સામયિકોમાંથી મોકલેલું મેટર સ્વીકારવામાં આવતું નથી. પૂર્વગ્રહયુક્ત લખાણો સ્વીકારવામાં આવશે નહીં. પોસ્ટકાર્ડ / ઈનલેન્ડ લેટર અથવા ઝેરોક્ષનું લખાણ સ્વીકાર્ય નથી.

**– તંત્રી**

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

# એપ અને સેટેલાઈટ જુગલબંધી



પહેલાના જમાનામાં ભૌગોલિક નકશાઓ એટલાસમાં સચવાઈને રહેતા હતા. ભૂગોળની પરીક્ષા પાસ કરવા સિવાય તેનો રોજિંદા જીવનમાં ખાસ કાંઈ ઉપયોગ થતો ન હતો પણ હવે દુનિયા બદલાઈ છે. હાલતા-ચાલતા નકશાઓનું કામ પડે છે.

આજના જમાનામાં (ખુબ બારીકાઈથી બનાવેલો) આખી દુનિયાનો એટલાસ ગૂગલની વખારમાં ધરબાયેલો પડ્યો છે. તે એટલાસમાં નાનામાં નાની ગલીઓ અને મકાનો પણ નોંધાયેલા છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું હોય તો આ નકશાઓ પરથી માર્ગદર્શન લેવાય છે. આપણે જો નવરંગપુરાથી મેઘાણીનગર જવું હોય અને રસ્તો ખબર ન હોય તો, મોબાઈલમાંથી કબૂતર ઉડાડીને (ગતાંકનો સંદર્ભ) એટલે કે Wifiનાં તરંગો થકી સેટેલાઈટની GPS લખેલી આંગળી પકડવાની સેટેલાઈટ (ઉપગ્રહ) દાદા ગૂગલમાં પડેલો એટલાસ વાંચી આવશે અને આપણને (GPSવાળી) આંગળી ઝાલીને નવરંગપુરાથી મેઘાણીનગરનો રસ્તાો બતાડશે. આપણે GPSને જણાવવું પડશે કે આપણે નવરંગપુરાથી મેઘાણીનગર ચાલીને જવું છે. બસમાં જવું છે, સ્કૂટર પર જવું છે કે કારમાં જવું છે. તે પ્રમાણે આપણા મોબાઈલમાં ભૂરા રંગથી આખો રસ્તો દર્શાવવામાં આવશે. એ રસ્તે આપણે જેમજેમ આગળ જતા જઈએ તેમતેમ સેટેલાઈટ દાદા આપણા પર નજર રાખશે. જો તમે ભૂલથી બીજી દિશામાં વળી ગયા, તો તમે જ્યાં હોવ ત્યાંથી, નવેસરથી રસ્તો બતાવશે. કેટલો લાંબો રસ્તો છે, ટ્રાફિક કેટલો નડશે અને તમને પહોંચતા કેટલો સમય લાગશે એ બધું તમારા મોબાઈલમાં લખી આપશે.

જો તમારે બસમાં જવું હોય તો નજીકમાં બસ સ્ટેન્ડ ક્યાં છે. તે પણ બતાવશે. જો બસ-કંપનીની એપ હોય એટલે કે બસવાળાએ પણ સેટેલાઈટથી આંગળી ઝાલી હોય, તો જેવી બસ તમારા બસસ્ટેન્ડ પર આવે કે તરત મોબાઈલમાં મેસેજ આવશે કે, તમારી બસ આવી ગઈ, ચઢી જાઓ! બસમાં બેઠા પછી કન્ડકટરને પૂછવાની જરૂર નહીં કે મેઘાણીનગર આવ્યું? બસ જેમજેમ આગળ વધતી જશે તેમે તેમ એક-એક બસ સ્ટેન્ડ મોબાઈલમાં દેખાતું જશે અને જેવું તમારું સ્ટેન્ડ આવશે કે તરત સૂચના

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

મળશે કે બસમાંથી ઉતરી જાઓ. શરત માત્ર એટલી કે, આખી યાત્રા દરમ્યાન તમારા મોબાઈલના તરંગો સેટેલાઈટ દાદા સાથે સંપર્ક બનાવી રાખે અને મોબાઈલમાં પૂરતો જીવ એટલે કે ચાર્જ હોય.

વાત માત્ર અમદાવાદમાં રહીને એક જગ્યાએથી બીજી જગ્યાનો રસ્તો શોધવાની નથી. આખી પૃથ્વીને ફરતે ત્રણ સેટેલાઈટ દાદા એક બીજાના હાથ ઝાલીને પૃથ્વીને ઘેરીને બેઠાં છે. આખી દુનિયા પર તેમનો ડોળો સતત રહે છે. જો અહીં બેઠા-બેઠા પેરીસનાં એરપોર્ટથી એફિલ ટાવર જવાનો રસ્તો શોધવો હોય તો એ પણ તમારા મોબાઈલમાં લાવી આપે છે. હવે રસ્તો શોધવા માટે, બસનો નંબર જાણવા માટે કે નજીકનું બસ સ્ટેન્ડ શોધવા માટે કોઈને પૂછવાની જરૂર નથી. તમારા મોબાઈલના તરંગો સેટેલાઈટ સાથે સંપર્ક જાળવી રાખે અને તમારી પાસે GPSની એપ હોય તેટલું પૂરતું છે. એપ એટલે એપ્લિકેશન - મોબાઈલમાં ઘરબાયેલો કમ્પ્યુટર પ્રોગ્રામ GPS નું માર્ગદર્શન મેળવવા એક પ્રોગ્રામ હોય અને બેન્ક સાથે પનારો પાડવા માટે બીજો પ્રોગ્રામ હોય. ટેકસી બોલાવવાની એપ જુદી અને પીઝા મંગાવવાની એપ જુદી. જે - તે એપનું બટન દબાવ્યુ કે કબૂતર એ દિશામાં ઉડ્યું અને આપણું કામ પત્યું.

પહેલા એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું હોય તો મગજ કસવું પડતું હતું હવે GPS ની આંગળી પકડીએ, એટલે આપણી બુદ્ધિ વાપરવાની જરૂર નહિ. હા, ડેટા-પ્લાન (સંદેશાવાહક કબૂતર ઉડાવવા)નાં પૈસા ખર્ચવા પડે. જેમજેમ એપની આદત પડતી જાય તેમતેમ બુદ્ધિ બુઠ્ઠી થતી જાય અને ડેટા-પ્લાનનો ખર્ચો વધતો જાય. અજાણ્યા રસ્તે જતા હોવ અને જો અડધે રસ્તે જઈને મોબાઈલમાં ચાર્જ ખતમ થઈ જાય તો બરાબર ફસાઈ જવાય. વળી, જો કોઈ કારણસર GPSવાળો રસ્તો બંધ હોય તો નવો રસ્તો શોધવાની સૂઝ નથી પડતી. રસ્તામાં સરઘસ નીકળ્યું હોય, ભુવો પડ્યો હોય કે કર્ફ્યુ લાગ્યો હોય તો દૂર બેઠેલા સેટેલાઈટ દાદાને ખબર નથી હોતી. એવામાં મોબાઈલ બાજુમાં મૂકીને જાતે રસ્તો શોધવો પડે છે પણ આપણે તો રહ્યા તરંગ-તરંગપટ-જાળાનાં બંધાણી (ગતાંકનો સંદર્ભ). મોબાઈલના સ્ક્રીન પર રસ્તો જોવામાં એટલા મશગુલ હતા કે ક્યારેક આજુબાજુ બીજી કઈ ગલીગૂંચી છે, વૈકલ્પિક રસ્તા ક્યાં છે તે તરફ ક્યારેય ધ્યાન જ ન હતું આપ્યું. હવે એ બુઠ્ઠી બુદ્ધિને સહારે મંઝિલ પર પહોંચવું અઘરું થઈ પડે છે. આજથી વીસ વર્ષ પહેલા જે રસ્તે એક વાર ગયા તે રસ્તે બીજી વાર જવું સાવ સહેલું લાગતું પણ હવે સેટેલાઈટ દાદાની GPS વાળી આંગણી શું ઝાલી કે, ઓશિયાળા થઈ ગયા. પહેલાની પેઢી સ્કુલે જતા-જતા

સ્વ. જીવણલાલ શાહ (દેત્રોજવાળા)પરીવારનાં જય શ્રી કૃષ્ણ

દિશાભાન કેળવતી હતી અને રસ્તો શોધવાની કોઠાસૂઝ વિકસાવતી હતી. આજકાલનું છોકરું નિરાંતે સ્કૂલવાનમાં જાય છે અને કોલેજમાં આવે ત્યારે GPS થકી રસ્તો શોધે છે એટલે તે દિશામાં બુદ્ધિનો વિકાસ થોડો કુંઠીત જ રહેવાનો !

આ નવી જીવનશૈલીનો ખેલ ખતરનાક છે. અમુક લોકો એવી કબૂતરબાજી જાણે છે કે આપણું બેન્ક જતું કબૂતર આંતરીને આપણું બેન્ક-બેલેન્સ ખાલી કરી શકે છે. તમારો પાસવર્ડ જાણીને કે ક્રેડીટ કાર્ડ નંબર જાણીને એવી કબૂતરબાજી કરે કે એક ઝાટકે કંગાળ થઈ જવાય. આવા કબૂતરબાજો ને હેકર્સ કહેવાય. આપણે સૌએ નવી જીવનશૈલી અપનાવી તેનો વાંધો નથી પણ તેને માટે ખુબ સંતર્ક રહેવું પડે, ખૂબ શિસ્તબદ્ધ રહેવું પડે, જરા ગાફેલ રહ્યાં કે હેકર્સ કળા કરી જશે. બીજી તકલીફ એ છે કે, મોટાભાગની બધી એપ બનાવનારા વિદેશમાં બેઠા છે. તેઓ ધારે તે નાચ નચાવી શકે છે. આપણા બધા કબુતરો તેમને આધીન તો રહેવા જ. વ્યક્તિ, સમાજ અને સરકારી તંત્રો જેટલાં આવી એપ પર નિર્ભર રહેશે તેટલાં આ વિદેશીઓનાં ગુલામ થતાં જશે.

ત્રીજી મુશ્કેલી એ છે કે, સેટેલાઈટ દાદા આખી દુનિયા પર બરાબર નજર રાખીને બેઠા છે. તમે ગમે ત્યાંથી કબૂતર ઉડાવો કે તરત તમારું પગેરું મેળવી લેશે. તમે ફુલેકું ફેરવીને વિદેશ ભાગી ગયા હોવ, કોઈ ગુનો કરીને નાસતા ફરતા હોવ તોય બહુ લાંબો વખત ભૂગર્ભમાં નહીં રહી શકો. ભારતે છાનોછપનો પરમાણુ પ્રયોગ કરવો હોય તો પણ માથે ભમતા સેટેલાઈટથી બચવું ખુબ અઘરું છે. (ફિલ્મ પરમાણુમાં બતાવ્યુ છે કે, પોખરણમાં ધડાકો કરતા પહેલા સેટેલાઈટની નજરથી બચવા કેટલા ઉધામાં કરવા પડ્યા.)

તમે કોઇ રેસ્ટોરન્ટમાં બેઠા હોવ અને ત્યાં જેસીકા લાલ જેવું ખૂન થઈ જાય તો તમારે નક્કી સાક્ષીના કઠેડામાં ઉભા રહેવું પડશે કારણ કે તમારા મોબાઈલનું GPS દર્શાવે છે કે, એ સમયે તમે ત્યાં જ હાજર હતા.

આમ સગવડો ઘણી છે પણ સાથે બબાલો પણ ઓછી નથી. આ એવી બબાલો છે કે જેને સંભાળવાની આપણને આવડત નથી. કેળવણી નથી. આપણે નક્કી કરવું પડશે કે, કેવી જીવનશૈલી જોઈએ છે. આપણે ટેકનોલોજીના ગુલામ કે ટેકનોલોજી આપણી ગુલામ.

**– સોરમ કોટિયા**

સ્વ. જશુબહેન તથા સ્વ. મફતલાલ પી. પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

અમર નૈમિષભાઈ પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

## મેરે હમસફર....



એય હર્ષ... પગ નીચા, રાખ તારા.... જોતો નથી ? ગાડીનાં સીટ–કવર મેલાં થાય છે. ઈશિતાએ બાર વર્ષના દીકરા હર્ષને વઢી લીધું વઢે તો ખરીને! તેના એન્જિનીયર પતિ જયે આ નવી ગાડી હજી પંદર દિ પહેલાં જ વસાવી હતી. મસ્ત મજાની ડિઝાયર ગાડી ! મોંઘા મૂલ્યની ગાડી જયને પોષાતી હતી એટલે વાંધો ન હોતો.

ઈશિતા પોતે થોડા રુઢિચુસ્ત પરિવારમાંથી આવેલી. એટલે તેની વિચારસરણીનો ગજ બહુ લાંબો નહોતો થોડીક સંકુચિત, શંકાશીલ, ઉતાવળી ! એની આ પ્રકૃતિનો ભોગ એનો પતિ જય અને દીકરો હર્ષ બંને બનતા રહેતા. છાશવારે બનતા રહેતા. જયને એના આ સ્વભાવની ખબર એટલે એ કંઈ બોલતો નહીં. મનમાં પણ ન લાવતો.

અધૂરામાં પુરું – ઈશિતા સામાન્ય દેખાવની અને જય ખૂબ દેખાવડો ! છ ફૂટની હાઈટ, સુડોળ કદ–કાઠી, ગોરો ચિટ્ટો નહોતો પણ હતો ટોલ–ડાર્ક–હેન્ડસમ... ઈશિતા પણ મનમાં આ વાત સમજતી. જો કે આ વાત જયનાં ચિત્તમાંય ન હોતી. તેનું વર્તન ખૂબ સંતુલિત રહેતું પણ ઈશિતા મનમાં કોરાયા કરતી.

તેમાંય એક દિ શોપીંગ મોલમાં જયને એક ફૂટડી યુવતી ભટકાઈ ગઈ. જયને પીઠ પર ધબ્બો મારીને બોલી ઓય જય ! કેમ છો યાર ? દેખાતો ય નથી. ક્યાં છો આજકાલ ? અમને તો ભાવ ભૂલી જ ગયો કે શું ?

જયને ઈશિતાના સ્વભાવનો પરિચય હતો. એટલે એ જરા આઘો–પાછો થઈ ગયો. પ્રશ્નનો જવાબ આપવાને બદલે તેણે પોતાની પત્નીનો પરિચય પેલી યુવતી સાથે કરાવ્યો. પેલી યુવતી ઈશિતાનો હાથ પકડીને આત્મીયતાથી બોલી ઓ હોય ! હું મેઘના, જયની સાથે એન્જિનીયરીંગ કોલેજમાં હતી. આટલાં વર્ષ સાથે ભણ્યા હવે ડોબો બોલાવતોય નથી.

પત્યું! ઈશિતાના ગાલ બળવા લાગ્યા. હથેળીઓમાં પરસેવો ફૂટી નીકળ્યો, મેઘના સામે કૃત્રિમ સ્મિત તો ફરકાવ્યું પણ મનમાં વિચારવા લાગી કોણ જાણે બંને માત્ર ફ્રેન્ડ જ હશે કે તેથી કંઈ વધારે ? મનથી જ ઈશિતા કલાસરુમ, કોલેજ કેમ્પસથી લઈને સિનેમા હોલ, હોટલની ટેબલ, રુમ, બાગ–બગીચાઓમાં આંટા–ફેરા કરી આવી, ઘરે આવીને પણ તે અસ્વસ્થ જ રહી. જયથી એ છાનું ન રહ્યું બે–ચાર દિવસ તો ઈશિતાનાં મન પર

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

મેઘનાનો કબજો રહ્યો. તેને જયનો મોબાઈલ ચેક કરવાનું પણ મન થયું તેના ફોનમાં મેસેજીસ, ચેટીંગ, ફોટાઓ, હશે ? એમ તે વિચારતી રહી.

તેમાંય નવી ગાડી આવી વળી ! આસપાસનાં બે–ચાર ઘરનાં લોકો આવીને ગાડી જોઈ ગયાં. સામેવાળા નરેન્દ્રભાઈ, બાજુવાળાં નીલાભાભી, સામેવાળો તરુણ વત્સલ, ઈશિતાને સૌથી વધુ જેની સાથે બનતું તે બાજુવાળી ચૌલા આવી અરે વાહ ! ઈશુ, નવી ગાડી મસ્ત યાર... કયા બાત હૈ ! પેંડા પાકા હો શું જયભાઈ કયારે આંટો મરાવો છો નવી ગાડીમાં ? જયે સ્મિત કર્યું બોલ્યો તમે અને આકાશભાઈ કહો ત્યારે...

સાવ નિર્મળ સંવાદ હતો. બે પાડોશીઓ વચ્ચે સામાન્ય તથા થતો હોય તેવો પણ ઈશિતાની ભ્રમરો વંકાયા વિના ન રહી. ખૈર બધાંને મીઠું મોઢું કરાવ્યું.

ગાડીની બાબતમાં પણ ઈશિતાનો સ્વભાવ શંકાશીલ જ રહ્યો. દર અડધા કલાકે બહાર જોઈ આવતી ગાડીને કોઈ હાથ તો નથી લગાડતું ને ? કોઈ સ્ક્રેચ તો નથી કરતું.? કોઈ હવા કાઢી જશે તો ? બપોરે તંદ્રામાં પણ તેને વિચાર આવતો કે તેની નવીનકોર કાર જોઈને બળીને ધુમાડો થઈ થયેલી પેલી નીલાડીનો પરિકર લઈને ગાડીના બોનેટ પર વર્તુળ કોતરી રહી છે. તે જાગી જતી અને બાલ્કનીમાંથી ગાડીને જોઈ અને સબ સલામત જોઈ રાહતનો દમ લેતી.

હર્ષ કયારેક પ્રગટપણે વિરોધ કરતો. મમ્મી મૂક ને.. કેવી ચીકણાઈ કરશ ! એટલો વિશ્વાસ નથી આવતો ? જય પણ કયારેક કંટાળતો પણ ઈશિતાને હર્ટ કરવા ન માંગતો તેથી કોઈ પ્રતિક્રિયા ન આપતો. ઈશિતાને પણ જયના વ્યકિતત્વ વિશે કોઈ ફરીયાદ ન હોતી તેનાં ચારિત્ર્યની બાબતમાં પણ તે જાણતી છતાંય સ્વભાવવશ તે જાત–જાતની શંકા કર્યા કરતી. કયારેક જાતને કોસતી પણ ખરી. જયે કયારેય એવું કોઈ જાતનું વર્તન ન હોતું કર્યું. અરે ઈશિતાની બાવીસ વર્ષીય બહેન ચાર્મી પ્રત્યે પણે જયનું વર્તન ખૂબ સંયમિત રહેતું. સ્વભાવો દુરતિક્રમ–એ ન્યાયે સ્વભાવને ઈશિતા ઓળંગી ન શકતી.

પણ એક દિવસ તો જયની બરાબરની કસોટી થઈ. બન્યું એવું કે જયને ઓફીસના કારણોસર અમદાવાદથી ભૂજ જવાનું હતું. ઓફીસની ગાડી એન્ગેજ હોવાથી ઘરની જ ગાડી જય જઈ જવાનો હતો. વાતવાતમાં આ વાત ઈશિતાએ ચૌલાને કરી ચૌલા તો ઉછળી પડી અરે વાહ ! તો તો તું એકાદ દિવસ ફ્રી હોઈશ. પછી ઈશિતાને ધબ્બો મારતાં બોલી, આમ તો જયભાઈની સેવા કરવામાંથી જ તું નવરી નથી પડતી એટલે બેસશું આપણે આરામથી.

હવે થયું એવું કે સાંજે જ ચૌલાના ભુજ રહેતા પપ્પાનો ફોન આવ્યો કે ચૌલાની મમ્મીની તબિયત બગડી છે. બહુ ચિંતા કરવા જેવું નથી પણ ચૌલાને ખૂબ યાદ કરે છે.

આમ પણ સાસુ બની ચૂકેલી સ્ત્રી માંદી પડે ત્યારે સાથે રહેતી ખડે પગે સેવા કરતી વહુ કરતાં પુત્રી પહેલી યાદ આવે !

ઠીક, ચૌલા તો રડવા જેવી થઈ ગઈ. તેના પતિ આકાશે ભુજ જતી લકઝરીમાં ઓનલાઈન બુકીંગ કરાવી દીધું. એક નાનકડી બેગમાં કપડાં ભર્યા પપ્પાને બહુ ભાવતું ભૂંસૂ પણ સાથે લીધું. નવ વાગ્યાની બસ હતી. બધું તૈયાર હતું પણ કહેવાય છે ને કે ગ્રહણ ટાણે જ સાપ નીકળે ! એ ન્યાયે આઠેક વાગ્યે ટ્યુશનથી પાછા ફરતા ચૌલાના દીકરા કરણનું એકિટવા સ્લીપ થઈ ગયું સદ્નસીબે ખાસ વાગ્યું તો નહી પણ તેની દોડધામ, પાટાપીંડી, ગભરામણમાં નવ વાગ્યાની બસ ચૌલા ચૂકી થઈ હવે ? ચૌલા ગભરાયેલી તો હતી જ હવે તો રડવા જ લાગી. આકાશે તેને સાંત્વના આપી એક સૂઝાવ પણ આપ્યો તું જયભાઈ સાથે જ ભુજ ચાલી જા તો કેવું ? ગાડી તો જાય જ છે !

જય અને આકાશ પણ પાડોશી કરતાં મિત્રો વધારે હતા. આકાશે જયને થોડા ખચકાટ સાથે કહ્યું જય હ જો તમને વાંધો ન હોય તો ચૌલાને ભુજ લેતા જશો ? જયુબિલી ગ્રાઉન્ડ ઉતારી દેજો. ત્યાંથી મારો સાળો આવીને લઈ જશે. આકાશનાં તો મનમાંય કોઈ નકારાત્મક ભાવ ન હોતો. પણ બિચારા જયની હાલતો સૂડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ જો ના કહે તો પાડોશીધર્મ ચૂકી જાય અને જો હા કહે તો ? તો જોવા જેવી થાય છતાંય જયે હા જ કહી હા હા ચૌલાભાભી, તમે તૈયાર જ રહેજો હું દસ વાગ્યે નીકળીશ.

ધડામ્ – ઈશિતાએ બાથરૂમનું બારણું જોરથી બંધ કર્યું. જય માટે ઈશિતા આ જ વર્તન અપેક્ષિત હતું તેણે શકય એટલા નરમ અવાઝે ઈશિતાને સમજાવાની કોશિશ કરી જોઇ ઈશિ.. પ્લીઝ તું સમજ ખોટા વિચારો ન કર. ગુસ્સો ન કર. જયે ઈશિતાનો હાથ પકડવાની વ્યર્થ કોશિશ પણ કરી જોઈ.

ઈશિતા વિચારી રહી એક તો મારી નવી ગાડી તેમાંય ચૌલાડી જય સાથે એકલી જાય છે. અટકી રહી હતી ગયા વગર ? ઈશિતાની હાલતો સાથે છછુંદર ગળ્યા જેવી થઈ ગઈ. જો ચૌલા સામે વિરોધ કરે તો તેનો આ સ્વભાગ પ્રગટ થઈ જાય અને નહીંતર... આખરે દસ વાગ્યે જય અને ચૌલા નીકળી ગયાં. જય વિના વાંકે અપરાધભાવનો ભાર લઈને ગયો. પાછળ રહી ગયાં ઈશિતા અને તેની ઈર્ષ્યાના કુતર્કો ! રસોડું પતાવીને તે ઉપરના માળે આવેલા બેડરુમમાં સૂવા ગઈ. હર્ષના રુમમાં ડોકિયું કર્યુ તે સૂઈ ગયો હતો. નાઈટડ્રેસ ચડાવીને તે પથારીમાં પડી. થોડીવાર પડખા ઘસ્યા કર્યાં. બાર, સાડા બાર... પણ આજે નીંદર વેરણ થઈ ગઈ હતી. વચ્ચે – વચ્ચે જયના મેસેજિસ આવ્યા હતા. કયાં પહોંચ્યા વગેરે..

ઈશિતા કલ્પનાના ઘોડાને બેલગામ દોડાવી રહી હતી. રાતના અંધકારને ચીરતી

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

કાર ભુજના રસ્તે રમરમાર દોડી રહી હશે મ્યૂઝિક પ્લેયર પર જયને ગમતાં રોમેન્ટિક ગીતો સરી રહ્યા હશે. ગિયર પર પડેલા જયના હાથ પર ચૌલાનો હાથ ફરી રહ્યો હશે. ધીમેધીમે ચૌલા જયના ખભા પર માથું ઢાળી દેશે. વચ્ચે હોટલમાં ચા-નાસ્તો કરશે. એક જ ચમચીથી બંને બટેટાપૌવા ખાશે. ફરી આમ જ મળવાના વાયદાઓ થાશે. જય ચૌલાને આશ્વાસન આપશે. ક્યારેક કરુણરસમાંથી જ શૃંગારરસ પ્રગટતો હોય છે.

પોતાની આવી માંદલી મનોદશાને કારણે ઈશિતાને ઊંઘ ન આવી. માંડ એકાદ કલાકનું ઝોકું આવ્યું બીજા દિવસે તેનું માથું ખૂબ ભારી લાગતું હતું. શરીરમાં કળતર થતું હતું. તાવ પણ લાગતો હતો. જયે ફોન કર્યો. તેના આવાજથી જ જાણી ગયો કે એ ઈશિતાની તબિયત બરાબર નથી. તે અસ્વસ્થ થઈ ગયો. ઈશિતાના જ વિચારો આવવા લાગ્યા. ઓફીસનું કામ જેમ-તેમ પતાવી રાત્રે જ ઘર ભેગાં થઈ જવાનો નિશ્ચય કર્યો ઈશિતાને પણ કહી દીધું. સાંજે જ તેણે ભુજને ટાટા-બાય-બાય કહી દીધું. ચા-બિસ્કિટથી કામ ચલાવી લીધું ફોન પર હર્ષને મમ્મીનું ધ્યાન રાખવાનું કહ્યું. જમવાનું પણ ઓનલાઈન ઓર્ડર કરી દેવાની વ્હાલભરી સૂચના આપી. હર્ષ પણ ડાહ્યો હતો. તેણે જયની સૂચનાનું અક્ષરશઃ પાલન કર્યું. રાત્રે સાડા-બાર વાગ્યે તો જય ઘેર પહોંચી આવ્યો. આવીને તરત જ ઈશિતા પાસે ધસી ગયો. હર્ષને ખબર અંતર પૂછયા માથે હાથ ફેરવીને તેને સૂવડાવી દીધો.

જયે ઈશિતાનો હાથ પકડી લીધો. તાવ તો યથાવત્ હતો બોલ્યો ઈશુ આમ કેમ? તું બસ બરાબર થઈ જા. મને ખબર છે તારો આ તાવ શેનો છે? પણ મારા પર વિશ્વાસ રાખ. હું તને ક્યારેય ઠેસ નહીં પહોંચાડું. ગાંડી, ચૌલા મારી સાથે ચાલી તેનો આટલો આઘાત ? અરે ! પાડોશી ને મદદ કરવી એ જ એકમાત્ર હેતુ હતો. આખે રસ્તે અમે ખૂબ વાતો કરી. કોઈ પુરુષ અને સ્રી સાથે હોય એટલે શું નિર્મળતા ગાયબ થઈ જ જાય ? મેં તો માત્ર તેને મદદ કરી હતી. એની જગ્યાએ મારી બહેન નિશા કે તારી બહેન ચાર્મી હોત તો શું હું એને મદદ ન કરત ? કહે જોઉં. એ આ સફરમાં મારી હમસફર બની એ જ તો તને ખૂંચ્યું ને ? અરે એમ તો પ્લેન, ટ્રેન, બસમાં હજારો લોકો એકબીજાના હમસફર હોય છે. પાગલ એ તો માત્ર અમદાવાદથી ભુજ સુધીની સફરમાં મારી હમસફર હતી. જયારે તું તો મારા જીવનની હમસફર છો. માત્ર-ચાર-પાંચસો કિલોમીટર નહીં સાત ભવની હમસફર છે ગાંડી ! મોજ કરે ને !

અને પોતાની તમામ શંકાઓને ધોઈ નાંખતી હોય તેમ ધ્રુસકે – ધ્રુસકે રડી રહેતી ઈશિતા જયની પૌરુષી છાતીમાં સંતાઈ ગઈ !...

**– માધ્વી શાહ, ભૂજ-કચ્છ**

ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

## ભક્તની ખુમારી



વ્રજ પ્રદેશ શ્રીકૃષ્ણની લીલાસ્થલી પુષ્ટિ સંપ્રદાયનું કેન્દ્ર. વ્રજમાં એક નાનકડું ગામડું. જમનાવતા તેનું નામ. તેના એક ગોરલા ક્ષત્રિય નું કુટુંબ. તેમાં એક બાળકનો જન્મ થયો. નામ હતું કુંભનદાસ. તેમના પિતાએ કુંભના મેળામાં સંતોની ખુબ સેવા કરી હતી. તે બધાના આશીર્વાદથી આ બાળક થયેલો તેથી નામ પણ કુંભનદાસ.

નાનપણ થી જ સુરીલું ગળું હતું. શ્રી મહાપ્રભુજી વ્રજમાં પધાર્યા. શ્રી ગિરીરાજ પર્વત પર શ્રીનાથજીને પાટ પધરાવ્યા – આ વખતે કુંભનદાસ શ્રી મહાપ્રભુના સેવક બન્યા. શ્રી મહાપ્રભુજી એ તેમને શ્રીનાથજીના કીર્તનની સેવા સોંપી – આમ પુષ્ટિમાર્ગના તેઓ પ્રથમ કિર્તનકાર થયા.

શ્રીનાથજી બાવાના તે સખા હતા. શ્રીજીબાવા તેમની સાથે રમતા, વાતો કરતા ભક્ત અને ભગવાનને એક પળ પણ એકબીજા વગર ચાલતુ નહી – શ્રીજીબાવા આ ભક્તના ખોળામાં પણ બિરાજી જતા.

શ્રીનાથની બાવા આ ભક્તસખાની નજર સમક્ષ જ લીલા કરતા અને ભક્ત કીર્તનનું ગાન કરતા. કુંભનદાસજીના ગાયેલા પદો સમાજમાં ખુબ પ્રિય બન્યા – ઘણા કલાકારો તે પદો ગાતા અને તે વેળા શેહનશાહ અકબરને સંભળાવતા.

અકબરને એક પદ સાંભવ્યુ તેમાં કુંભનદાસજી એ ગાયો ચરાવીને પાછા ફ્યા હતા શ્રીકૃષ્ણનું વર્ણન કર્યું હતું. પ્રભુ ગજગતિથી પધારી રહયા છે. લટકીલી ચાલ છે, ઘનશ્યામ શરીર છે, કટિ પર પીતાંબર ધર્યુ છે, વાકડીયા વાળ છે, તેમાં રજ ચોંટેલી છે, મોહક સ્મિત છે, સુંદર દ્દષ્ટિ છે.

રાજાને લાગ્યું કે આ ભક્ત ધન્ય છે. કારણ પ્રભુ તેને દર્શન આપી રહ્યા છે. રાજાને આ ભક્તને મળવાની ઈચ્છા થઈ તેના પદ સાંભળવાની લાલચ થઈ.

રાજાએ તેના સૈનિકોને અસવારીસહિત આ ભક્તને લઈ આવવા મોકલ્યા. આ વખતે અકબર ફતેપુર સિક્રીમાં હતા. સૈનિકો કુંભનદાસનું પુછતાં પુછતાં ગામ આવ્યા. કુંભનદાસને રાજાનો સંદેશ કહી સાથે સિક્રી આવવા વિનંતિ કરી. આ ભક્તને તો ગોવર્ધનનાથજી સિવાય કંઈ ગોઠતું ન હતું. તેમના માટે તો એક ક્ષણનો પણ વિરહ અસહય હતો તેથી તેમને સૈનિકોનેને ના પાડી. સૈનિકોએ તેમને વિનંતી કરી તેઓ જો તેમની સાથે ન આવ્યા

તો રાજા અમને મારી નાખશે તેથી કુભનદાસજીને સૈનિકો પર દયા ઉપજી તેથી તેથી તેમની સાથે જવા તૈયાર થયા પણ અસવારીમા ન ગયા ચાલતા જ જવાનો આગ્રહ રાખ્યો.

અંતે સૌ રાજા પાસે પહોચ્યા. રાજા તંબુમાં બિરાજમાન હતા. રાજાની જાહોજલાલી અદ્‌ભૂત હતી. રાજાએ કુંભનદાસજીનું ભવ્ય સ્વાગત કર્યું. પરંતુ કુંભનદાસજીનું મન તો ખિન્ન હતુ કારણ કે તેમને રાજાના ઐશ્વર્યમાં કયાંય શ્રીજીબાવાના દર્શન ન થયા.

રાજાએ કુંભનદાસજીને પદ ગાવાનો આગ્રહ કર્યો. કુંભનદાસ વિચારે છે કે મારા પદ તો મારા શ્રીનાથજી માટે છે. તેમના વગર મારાથી ગવાય જ કેમ ? તેમણે ના પાડી. રાજાએ ખૂબ આગ્રહ કર્યો. ભક્તને થયું કે છુટકો નથી પણ એવું પદ ગાઉં કે રાજા ખિજાય અને ફરી મને અહીં બોલાવે નહીં.

આ વિચારથી આ પદ ગાયું – 'ભક્તકો ક્યા સિક્રીકો કામ?, આવતજાત પનૈયા તૂટી, બિસર ગયો હરિનામ, વિમુખકો દેખકર દુખ ઉપજે, તાકો કર્યો પડો સલામ'

ભક્ત કહે છે કે મારે સિક્રીનું શું કામ છે ? અહીં આવતા સુધીમાં હરીનું નામ ભુલી ગયો. પગના ચંપલ ફાટી ગયા તે વધારામાં જેનું મોં જોઈને દુ:ખ ઉપજે છે તે વ્યકતિને સલામ કરવાની ઘડી આવી. અહીં તો મારા શ્રીજીબાવા નથી બિરાજતા તેથી આ બધું જ નકામું છે, દુ:ખનું કારણ છે.

રાજા સમસમી ગયો પણ ભક્ત તો તેની મોજમાં છે ભક્તને કયાં કશું રાજા પાસે જોઈએ છે ? રાજા પણ સમજી ગયો તેણે પાછા ફરતા ભક્તને પુછયુ તું કાંઈ માંગ તો ભક્ત જવાબ આપે છે – 'મને ફરી અહીં ગાન કરવા બોલાવતા નહીં હું ફક્ત શ્રીજીબાવા માટે શ્રીજીબાવાની સન્મુખ જ કિર્તન કરુ છુ.' આવી છે ભકતની ખુમારી.

**– ડો. પિયુશ પરીખ, ભરુચ-પાટણ**



# તમારી કિંમત તમે જ આંકો



વહીવટી વિષયના એક પરિસંવાદમાં તાલીમી યુવાનોને પ્રશ્ન કરવામાં આવ્યો "તમારી કિંમત કેટલી ?" એક મોટી કંપનીના જુનિયર કર્મચારીએ જવાબ આપ્યો. "માસિક રૂપિયા અઢારસો". એક સ્ટેનો ટાઈપિસ્ટ ઉદેરવારનો જવાબ હતો : "રૂપિયા બાવીસ્સો" પણ એક જુવાનના ઉત્તર હતો. "ત્રણ લાખ રૂપિયા" અને જે હાજર હતા તે બધાં જ અચંબાની નજરે એ યુવક તરફ જોઈ રહ્યા. પેલો યુવક તો ફરી બોલી ઉઠયો. હા, હા, મારી કિંમત ત્રણ લાખ છે.

પછી બધાના ખ્યાલમાં આવ્યું કે એ યુવક જે કોમમાંથી આવતો હતો એ કોમમાં દહેજ પેંઠણનો રિવાજ હતો અને એક યુવકની કિંમત ત્રણ લાખ રૂપિયા હતી. બધા વિચારમાં પડી ગયા હતા. એક બીજા યુવકનો જવાબ હતો. "સાઈઠ હજાર રૂપિયા વાર્ષિક" એના કહેવાનો મતલબ એ હતો કે એના મકાનનું ભાડું દર વર્ષે રૂા. ૬૦ હજાર હતું.

સાચી વાત તો એ હતી કે "તમારી કિંમત કેટલી ?" એ પ્રશ્નનો સાચો અર્થ કોઈ સમજ્યા ન હતા. પ્રશ્નનો હેતુ એ હતો કે તમને પોતાને તમારી યોગ્યતા, લાયકાત, આવડત અને ક્ષમતાનો ખ્યાલ હોવો જોઈએ ! તમને પોતાને તમારી કિંમત કેટલી એનું ભાન હોવું જોઈએ. ઘણા એવા હોય છે જેમની યોગ્યતા ઓછી હોય છે પણ પોતાની કિંમત એ વધુ સમજતા હોય છે. કેટલાક એવા હોય છે. જેમનામાં પૂરી ક્ષમતા હોય છે. લાયકાત હોય છે. પણ પોતાની કિંમત આંકતા એમને આવડતું નથી. "મારી કિંમત તો અમૂલ્ય છે. મારી કિંમતની કોઈ મર્યાદા જ નથી" એક છોકરીનો સ્પષ્ટ અને આત્મવિશ્વાસથી રણકતો જવાબ સાંભળી બધા ખૂબ જ પ્રભાવિત થયા હતા. દરેકને પોતાની કિંમતનું ભાન હોવું જોઈએ. પોતાની શક્તિની કિંમત પોતે નહીં સમજે તો બીજું કોણ સમજશે? જે લોકોને પોતાની કિંમતનું ભાન હોતું નથી એ લોકો ગમે તેટલી આવડત છતાં પાછળ જ રહે છે.

પોલ જે મેયરની વાત જાણવા જેવી છે. એ માણસ ખાસ કોઈ ભણ્યો ન હતો. એણે કોલેજમાં જવાનું છોડી દીધું હતું. એ સમજતો હતો કે ઈતિહાસ, ભૂગોળ અને સમાજશાસ્ત્ર ભણવાથી હળદર ફીટવાનું નથી. એ શિક્ષણથી કોઈ જિંદગી સફળ થવાની નથી. એના મિત્રોએ એને ઘણું સમજાવ્યો હતો પણ એ માન્યો ન હતો. એક વીમા કંપનીનો સેલ્સમેન તરીકે એણે કારકિર્દીની શરૂઆત કરી પણ એ જુવાન તો આત્મવિશ્વાસુ હતો. એણે

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

મહેનત શરૂ કરી. સફળ બનતો ગયો. ૨૭ વર્ષની ઉંમરે તો એ લાખોપતિ બની ગયો હતો. આ તો પરદેશી યુવાનની વાત છે પણ આપણી ધરતીની જ વાત કરીએ. એક યુવકે મેટ્રીકની પરીક્ષા પાસ કરી. પિતાને થયું "મારે દિકરાને કોલેજમાં દાખલ કરવો નથી. મારો પોતાનો ધંધો છે. હું એને મારા પોતાના કારખાનામાં તાલીમ આપીશ." પિતાએ એને ફેક્ટરીમાં પોતાની સાથે લઈ જવાનું શરૂ કર્યું. છોકરો તૈયાર થતો ગયો. એણે ઈજનેરીની પરીક્ષા આપી ન હતી પણ પ્રત્યક્ષ શિક્ષણ મેળવ્યું અને એ કોઈ એન્જીનીયર કરતાં પણ વધારે જાણકાર સાબિત થયો હતો. પણ આ બધું તમારી ઈચ્છાશક્તિ પર આધાર રાખે છે. તમારે સદા કારકુની જ કર્યા કરવી છે કે પછી કારકુનમાંથી ચીફ એક્ઝીક્યુટીવ બનવું છે ? દરેક મામસને કુદરતે કલ્પના અને શક્તિ બંને આપ્યાં જ છે. પણ માણસ પોતાની કલ્પનાને અને શક્તિને કઈ રીતે ખીલવી શકે છે એની પર એની સફળતા અવલંબે છે, તમે જે સ્થિતિમાં હો તે સ્થિતમાંથી બહાર નીકળવાની તમને ઈચ્છા જ થતી ન હોય તો બીજું કોઈ શું કરવાનું ?

કેટલાકને એવી આદત હોય છે. એ પોતે આગળ વધવા કે ઊંચે જવા પ્રયાસ કરતા નથી પણ જે પોતાનાથી વધારે આગળ વધી જાય છે એમની ઈર્ષા કરે છે. એક વાત બરાબર યાદ રાખવી જોઈએ. બીજાની લીટી મોટી છે અને પોતાની લીટી નાની છે એટલે એની અદેખાઈ કરવાની કે બીજાની લીટીને કાપી નાની કરવાની જરૂર નથી. બીજાની લીટી કરતાં તમારી લીટી મોટી કરો એ જ આગળ વધવાની ચાવી છે. બીજા કરતાં તમારામાં વધારે શક્તિ છે, આવડત છે એ પુરવાર કરી આપો પછી બીજો આપોઆપ તમારાથી નાનો સાબિત થવાનો છે. સાચી વાત તો એ છે કે તમારામાં બીજાની સ્પર્ધા કરવા માટેની જરૂરી કુશળતા હોવી જોઈએ. તમારી શક્તિનો સર્જનાત્મક ઉપયોગ કરતાં તમારે શીખવું જોઈએ.

ઘણા એવા હોય છે કે જેમની પાસે વિચાર હોય છે, કલ્પના હોય છે, કુશળતા હોય છે પણ આયોજન હોતું નથી અને આયોજનના અભાવે નિષ્ફળ જતા હોય છે. પહેલી વાત તો એ છે કે તમે પોતે જ "તમારે શું બનવું છે ?" એ બાબતમાં સ્પષ્ટ હોવા જોઈએ. તમારે ડૉક્ટરનું બનવું છે? તમારે ઈજનેર બનવું છે ? તમારે એક્ઝીક્યુટીવ બનવું છે ? તમે તમારૂં લક્ષ્ય નક્કી કરો. એ પ્રમાણે આયોજન કરો. તમારી શક્તિને કામે લગાડી દો. તમારામાં એક શક્તિ હશે તો બીજી આપોઆપ બહાર આવશે. તમે તમારી મંઝિલ નક્કી કર્યા વિના ચાલ્યા જ કરશો તો એનો કોઈ અર્થ નથી તમારું ચાલ્યા કરવાનું લેખે લાગશે નહીં.

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. ગુણવંતીબહેન રસિકલાલ પરીખ (કડી) ના જય શ્રી કૃષ્ણ.

આ બધી પ્રક્રિયાઓમાંથી પસાર થશો તો તમને તમારી કિંમત સમજાશે. તમને તમારી કિંમત ઊભી કરતાં આવડવું જોઈએ. મને બે યુવાનોનો પરિચય છે. બંને સરખું ભણેલા છે. બંને પાસે સરખાં પ્રમાણપત્રો છે. બંને ખૂબ આગળ વધી ગયા છે. એક મહિને રૂા. બાર હજાર કમાય છે. બીજે મહિને પાંચ હજાર જ મેળવે છે. તમારી યોગ્યતા પુરવાર થઈ હોય ત્યારે તેની કિંમત તમે બરાબર મેળવજો. તમે કદી સસ્તામાં ખરીદાઈ જશો નહિ. તમારી જાતને કદી સસ્તી માની સંતોષ કરી લેશો નહીં. કોઈ મર્યાદામાં કદી બંધાઈ જશો નહીં. એક ને એક કુંડાળામાં રહેવાનું અને જીવવાનું પસંદ કરશો નહીં. જે મળ્યું તે માની સંતોષ લેશો નહીં. અપેક્ષા આખા રોટલાની હોય ત્યારે એક ટુકડો મેળવીને મન મનાવી લેશો નહીં.

દરેક માણસમાં કેટલીક ખૂબીઓ હોય છે તો કેટલીક ખામીઓ પણ હોય છે. શક્તિ હોય છે અને કેટલીક કમજોરીઓ પણ હોય છે. તમારી કમજોરીઓ કે નબળાઈઓનો જ વિચાર ન કર્યા કરો. તમારામાં પડેલી શક્તિઓ અને ખુબીઓનો પણ વિચાર કરો. જે નથી એનો કદી અફસોસ કરો નહીં. જે છે એનો ઉપયોગ કરો. તમારામાં રહેલી ઉણપ કે અધૂરપને કારણે તમારી કિંમત તમારા મનથી ઓછી આંકશો નહીં. ઉણપોની સાથે સાથે તમારામાં જે શક્તિ છે એની કિંમત સમજો અને એ શક્તિનો યોગ્ય ઉપયોગ કરી તમે વધારે ને વધારે કિંમત મેળવો.

દરેક ક્ષેત્રમાં આ વાત જરૂરી છે. તમારી યોગ્યતા પુરવાર કરી અને પછી એની કિંમત માંગતા જરા પણ સંકોચાશો નહીં. તમારી પાસે હીરા–માણેક–મોતી પડ્યાં છે. એને પથ્થર માની સસ્તામાં વેચી નાખશો નહીં. એવું કરશો તો મૂર્ખ સાબિત થશો. યોગ્ય ગ્રાહકની રાહ જોવાનું શીખો. યોગ્ય ગ્રાહક મળતો નથી એવું માની લઈ તમારા કિંમતી માલને સસ્તામાં ફેંકી દેવાની કિંમતે કોઈને વેચી દેશો નહીં. તેવી જ રીતે આપણી કિંમત પણ ઓછી આંકવાની જરૂર નથી. કુદરતે બધામાં કોઈને કોઈ વિશેષતાથી બનાવી છે.

દિવસે દીપ પ્રગટાવો અંતરનો અંધાર હટાવો, પ્રેમનો પ્રકાશ રેલાવો. શું સમજે છે એની જાતને સૂર્ય એને ધોળે દિવસે તારા બતાવો. હજારો સૂર્ય ફીક્કા પડે એવી આત્મજ્યોત જલાવો. બ્રહ્માંડનો ખૂણે ખૂણો ઝગમગાવો. અન્યનો તે ક્યાં સુધી ભરોસો કરવો જાતે જ આત્મ–દિપક જલાવો

**– સંકલન**

**દિલીપ શાહ, મુંબઈ**

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) – મુંબઈના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ કેળવણી ટ્રસ્ટ
## ઈનામ વિતરણ સમારંભ

શ્રી અમદાવાદ દશા વાયડા વણિત જ્ઞાતિ કેળવણી ટ્રસ્ટના ઉપક્રમે ૨૦૧૮–૧૯ની પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ–બહેનોને પારિતોષિક આપવાનો એક સમારંભ ઓગસ્ટ ૨૫, ૨૦૧૯ના રવિવારે સાંજે ૬–૦૦ કલાકે શ્રી વાયુદેવતાજી મંદિર (હોલ)માં યોજવામાં આવ્યો હતો. કેળવણી ટ્રસ્ટનો આ ૫૩મો ઈનામ વિતરણ સમારંભ હતો. સમારંભનું પ્રમુખપદ શ્રી ચંદ્રેશભાઈ વિજુભાઈ પરીખ તેમ જ અતિથિવિશેષ પદ શ્રી ગીતાબહેન રમેન્દ્રભાઈ પરીખે શોભાવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં જ્ઞાતિના પ્રમુખ શ્રી રમેન્દ્રભાઈ પરીખ, આમંત્રિત મહેમાનો અને કેળવણી ટ્રસ્ટના સભ્યોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ રાષ્ટ્રગીતનું ગાન, યમુનાષ્ટક અને સરસ્વતી વંદના કરવામાં આવી હતી. વર્ષ દરમ્યાન અવસાન પામેલા જ્ઞાતિજનોની સ્મૃતિમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. કાર્યક્રમના સંચાલક શ્રી હિમાંશુ શાહે આવકાર તેમ જ પૂર્વભૂમિકા રજૂ કરી હતી અને કેળવણી ટ્રસ્ટના ઈતિહાસ અને તેની પ્રવૃત્તિઓની રજૂઆત કરી હતી.

કેળવણી ટ્રસ્ટના પ્રમુખ શ્રી સુહાસભાઈ શાહ પરદેશ હોવાથી હાજર રહી શક્યા ન હતા. તેમણે મોકલેલા સંદેશામાં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. તેમ જ અભ્યાસ દ્વારા ઉજ્જવળ ભવિષ્ય થકી પોતાનું તેમજ દેશનું નામ રોશન કરવાની હાકલ કરી હતી. જ્ઞાતિના પ્રમુખ શ્રી રમેન્દ્રભાઈ પરીખે પણ તેમના સંદેશામાં વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક વાત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, પુરુષાર્થ, વાંચન, વ્યક્તિત્વ વિકાસ તેમજ સામાન્ય જ્ઞાન દ્વારા સફળતા હાંસલ કરી શકાય તેવી વાત કરી હતી.

સમારંભના પ્રમુખ શ્રી ચંદ્રેશભાઈ પરીખ તેમજ અતિથિવિશેષ શ્રી ગીતાબહેનનો પરિચય અનુક્રમે નિરાલી ભાવિનભાઈ પરીખ તેમ જ હેતલ સૌરભભાઈ શાહે આપ્યો હતો. તેઓએ મહેમાનોના જીવનના અજાણ્યાં પાસાઓની રજૂઆત કરી હતી. પ્રમુખશ્રીનું સન્માન મંત્રી શ્રી હેમલભાઈ શાહે તેમજ અતિથિવિશેષશ્રીનું સન્માન ઉપપ્રમુખ શ્રી ઉમાકાન્તભાઈ પરીખે કર્યું હતું.

૨૦૧૮–૧૯ ના વર્ષમાં ઉત્તીર્ણ થનાર સૌ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. ઈનામો પ્રમુખ શ્રી તેમજ અતિથિ વિશેષશ્રીના હસ્તે આપવામાં આવ્યા હતા. મહત્ત્વના ઈનામો આ પ્રમાણે છે.

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રેણી-૧૦ | સાતુષ સમીરભાઈ પરીખ | રૂ. ૩૦૦/- |
| ૨. | શ્રેણી-૧૦ | અંગ્રેજી પારિતોષિક - સાતુષ સમીરભાઈ પરીખ | રૂ. ૨૦૦/- |
| ૩. | શ્રેણી-૧૦ | ગણિત/વિજ્ઞાન પારિતોષિક-સાતુષ સમીરભાઈ પરીખ | રૂ. ૨૦૦/- |
| ૪. | શ્રેણી - ૧૨ | કોમર્સ પારિતોષિક-કેયા સૌરભભાઈ શાહ | રૂ. ૩૦૦/- |
| ૫. | બી.સી.એ. | આયુષ જયેશભાઈ શાહ | રૂ. ૩૦૦/- |
| ૬. | બી.ઈ. | કોમ્પ્યુટર એન્જી. - સ્મિત તપનભાઈ મહેતા | રૂ. ૪૫૦/- |

સ્વ. હરીન્દ્રભાઈ રમણલાલ શાહની સ્મૃતિમાં આપવામાં આવતી શ્રેણી - ૧૦ ટ્રોફી સાતુષ સમીરભાઈ પરીખને તેમજ સ્વ. શાંતાબહેન હરીન્દ્રભાઈ શાહની સ્મૃતિમાં આપવામાં આવતી શ્રેણી - ૧૨ કોમર્સ ટ્રોફી કેયા સૌરભભાઈ શાહને આપવામાં આવી હતી. સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ તથા સ્વ. ચંપાબહેનના સ્મરણાર્થે ધો. ૧ થી ૯ માં અનુક્રમ પ્રથમ અને દ્વિતીય આવનારને સ્પેશ્યલ ઈનામો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત શ્રી નાનુભાઈ એન. શાહ તેમજ શ્રી હેમલભાઈ શાહ તરફથી ધો. ૧ થી ૭માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો પેટે રૂા. ૨૦૦/- તેમજ ધો. ૮ થી ૧૨ માં રૂા. ૨૫૦/- આપવામાં આવ્યા હતા. તેમજ ધો. ૮ અને ૯માં અંગ્રેજી વિષયમાં ઉચ્ચ ગુણ મેળવનાર વિદ્યાર્થીને પ્રથમ અને દ્વિતીય પારિતોષિક પેટે અનુક્રમે રૂા. ૫૦૦/- અને રૂા. ૨૫૦/- આપવામાં આવ્યા હતા. આ વર્ષથી શ્રી વિપુલભાઈ પરીખ તેમજ શ્રી માધવીબહેન પરીખ તરફથી મળેલા રૂા. ૨,૫૧,૦૦૦/-ના ફંડના વ્યાજમાંથી તમામ વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો પેટે રૂા. ૨૫૦/- આપવામાં આવ્યા તા. તેમજ સ્વ. રસિકલાલ ચીમનલાલ શાહ તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- ફંડના વ્યાજમાંથી ધો. ૮ કે તેથી ઉપરના ધોરણના તમામ વિદ્યાર્થીઓને રૂા. ૧૫૦/- આપવામાં આવ્યા હતા.

પ્રભાલક્ષ્મીબહેન મોહનલાલ પરીખના સ્મરણાર્થે ધો. ૧૦ અને ૧૨માં પ્રથમ આવનારને રૂા. ૪૦૦/- આપવામાં આવ્યા હતા તેમજ બી. ઈ. કોમ્પ્યુટર એન્જીનીયર થનારને રૂા. ૪૫૦/- આપવામાં આવ્યા હતા. શ્રી પિયુષભાઈ મધુકરભાઈ શાહ તરફથી ધો. ૯ અને ૧૦માં પ્રથમ અને દ્વિતીય આવનારને ઈનામ સ્વરૂપે બેગ તેમજ ડોક્યુમેન્ટ ફાઈલ આપવામાં આવ્યા હતા.

શૈક્ષણિક ઉપરાંત ઈતર પ્રવૃત્તિઓમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને ટ્રોફી આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આ ટ્રોફીઓ સ્વ. અમરતલાલ રણછોડદાસ શાહના સ્મરણાર્થે તેમજ કેળવણી ટ્રસ્ટ તરફથી આપવામાં આવી હતી. જેમાં હર્ષ મેહુલભાઈ શાહ (રોલર સ્કેટીંગ), સ્મિત તપનભાઈ મહેતા (કરાટે), હર્ષાંક હિરેનભાઈ પરીખ (ટેનીસ), માનિલ સૌમિલભાઈ (ઈન્ટરનેશનલ મેથ્સ ઓલિમ્પિયાડ, કરાટે), કાવ્યા

સ્વ. વિદ્યાબહેન જમનાદાસ પારેખ (પાટણ) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.

કુણાલભાઈ શાહ (સંગીત પ્રવેશિકાપૂર્ણ, કલ્ચરલ ઓલિમ્પયાડ, ઈન્ટરનેશનલ ઇંગ્લીશ અને નેશનલ સાયન્સ ઓલિમ્પિયાડ), વેદાંત આલોકભાઈ ધીઆ (ફૂટબોલ), વેદાંત કૌશલભાઈ પરીખ (ઈન્ટરનેશનલ ઈન્ફરમેટીક્સ ઓલિમ્પિયાડ), હર્ષિલ ભાવિનભાઈ વહાબ (ઈન્ટરનેશનલ મેથ્સ તેમજ લોજીકલ રીઝનીંગ ઓલિમ્પિયાડ), શર્વિલ નિર્મલભાઈ શાહ (ડ્રોઈંગ), યશિલ નિર્મલભાઈ શાહ (ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ ઓફ, યુ.સી.એમ.એ.એસ), નિર્મિત મેહુલભાઈ શાહ (નેશનલ ક્યુબ ચેમ્પીયનશીપ) તેમજ મિશિકા હીરેનભાઈ પરીખ (લોજીકલ રીઝનીંગ ઓલિમ્પિયાડ).

સ્વ. લલિતાબેન મોહનલાલ પરીખ, સ્વ. મંગુબેન પ્રાણલાલ પરીખ, સ્વ. ગોમતીબહેન તેમજ સ્વ. શોભનાબેન જીતેન્દ્રભાઈ શાહના સ્મરણાર્થે કુલ રૂા. ૧,૦૦,૦૦૦/–ના કન્યા કેળવણી ફંડના વ્યાજમાંથી ચિન્મયી કેવલભાઈ પરીખને રૂા. ૫૦૦/– ઈનામ આપવામાં આવ્યું હતું.

ઉપરાંત ખાસ ઈનામ તરીકે સમીર રશ્મિકાંતભાઈ પરીખને સંગીત વિશારદ લોકલ પરીક્ષા (બેચલર ઓફ મ્યુઝિકની સમકક્ષ)માં ઉત્તીર્ણ થયા બદલ રૂા. ૩૦૦/–નું ઈનામ આપવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રી ચંદ્રેશભાઈએ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. તેમણે 'સ્ત્રી સશક્તિકરણ' પર ભાર મૂક્યો હતો. અતિથિવિશેષ શ્રી ગીતાબહેને વ્યક્તિત્વ વિકાસના કેટલાક પાસાં વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા. ટાઈમ મેનેજમેન્ટ, એટીકેટ, મેનર્સ, આત્મવિશ્વાસ, બુદ્ધિ ચાતુર્ય, હિંમતના ગુણો થકી ઝળહળતી સફળતા મેળવી શકાય તેની રજૂઆત કરી હતી. આ પ્રસંગે પ્રમુખશ્રીએ રૂા. ૫૦૦૧/– તેમજ અતિથિવિશેષશ્રીએ રૂા. ૩૧,૦૦૦/– કેળવણી ટ્રસ્ટને ભેટ આપ્યા હતા. ભરૂચના શ્રી ઉદયભાઈ શાહ તરફથી કેળવણી ટ્રસ્ટને રૂા. ૫૦૦૦/–નું અનુદાન મળ્યું હતું.

શ્રી રમેન્દ્રભાઈ પરીખ તરફથી ધો. ૮ થી ૧૨ તેમજ કોલેજના વિદ્યાર્થીઓને ચોપડા આપવામાં આવ્યા છે. શ્રી વિજેશભાઈ તેમજ શ્રી હેમલભાઈ તરફથી ધો. ૧ થી ૭ના વિદ્યાર્થીઓને ચોપડા આપવામાં આવ્યા છે. આ ઉપરાંત શ્રી ઉમાકાન્તભાઈ જેઠાલાલ પરીખ, શ્રી મેહુલભાઈ યશવંતભાઈ શાહ તેમ જ સ્વ. કુમુદબેન મશરૂવાલા (દરેકના રૂા. ૨૫,૦૦૦/–)ના ફંડના વ્યાજમાંથી વિદ્યાર્થીઓને ચોપડા તેમજ ઈનામો આપવામાં આવ્યા છે. કેળવણી ટ્રસ્ટ તરફથી સિનિયર કે.જી. સુધીના બાળકોને ડ્રોઈંગ બુક આપવામાં આવી છે. સ્વ. ડાહ્યાભાઈ માણેકલાલ ટ્રસ્ટ તરફથી ફી આપવામાં આવી છે.

કાર્યક્રમના અંતમાં શ્રી હિમાંશુભાઈ શાહે આભારવિધિ કરી હતી. કાર્યક્રમની સફળતામાં શ્રી હિમાંશુભાઈ, શ્રી હેમલભાઈ, શ્રી સૌમિલભાઈ, શ્રી ઉમાકાન્તભાઈ, શ્રી

સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ–માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

નાનુભાઈનો ફાળો નોંધપાત્ર હતો. ભોજનની સંપૂર્ણ વ્યવસ્થામાં શ્રી કિરણભાઈ તેમજ શ્રી નાનુભાઈનો ફાળો પ્રશંસનીય હતો.

કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી હિમાશુંભાઈ શાહે તેમની લાક્ષણિક શૈલીમાં કર્યું હતું. સમારંભ બાદ જ્ઞાતિ તરફથી ઉજાણી રાખવામાં આવી હતી. સ્વરૂચિ ભોજનનો આનંદ માણી સૌ જ્ઞાતિજનો ઉલ્લાસમય વાતાવરણમાં વિખરાયા હતા

**– હિમાશું શાહ**

## શ્રી વાયડા વણિક મહિલા મંડળ, ભરૂચ
## કાર્યક્રમ – ૨

શ્રી વાયડા વણિક મહિલા મંડળ, ભરૂચ દ્વારા આયોજીત તા. ૩૧–૭–૧૯ ના બુધવારે સાંજે ૪ કલાકે પ્રમુખ શ્રીમતી જયોતી દલાલના નિવાસ સ્થાને ડબ્બા પાર્ટી નું આયોજન કરવામાં આવ્યું હતું.

અષાઢી અમાસના ભારે વરસાદના માહોલમાં પણ બહેનોએ ઉત્સાહભેર આવીને કાર્યક્રમ શોભાવ્યો.

શરૂઆત હાઉસી ગેમ થી થઈ ત્યારબાદ પ્રમુખ જયોતિ દલાલ દ્વારા બહેનોને બે ગેમ રમાડવામાં આવી. ઘરની બહાર વરસાદ રમઝટ બોલાવી રહ્યો હતો. અંદર બહેનો રસપૂર્વક ગેમની રમઝટ માણી રહ્યા હતા.

ગેમ–૧ ના વિજેતા (૧) તમન્ના ચોકસી (૨) જ્યોત્સનાબેન તોલાટ

ગેમ–૨ ના વિજેતા (૧) ફાલ્ગુની શાહ (૨) વીણાબેન ચોકસી

ત્યાર બાદ સભ્ય બહેનો દ્વારા લાવેલ હોમમેડ વિવિધ પ્રકારની અવનવી વાનગીઓ નો રસાસ્વાદ સર્વેએ લહેજત થી માણ્યો. જેમાં વાનગીઓ હતી – દાલ પકવાન, ખજૂરસીંગ રોલ, મેજીક–ગુલાબજાંબુ–ચટપટા સક્કરપારા, આઈસ ગ્રીન ટી, પીળા ઢોકળા, ચટણી, ટોસ્ટ સેન્ડવીચ, સોસ, મકાઈ કટલેસ, ઈડલી સંભાર, બટાકાવડા, દૂધીનો હલવો, દલીયા અને બટાકાની વેફર

અંતમાં ડબ્બા પાર્ટીનો ઉલ્લાસભેર આનંદ માણી સર્વે બહેનો ચાલુ વરસાદ વચ્ચે છુટા પડયા.

**જયોતિ દલાલ, પ્રમુખ**
**ફાલ્ગુની શાહ, સેક્રેટરી**

**Dr. Naini Mehul Parikh B.D.S, Consulting Dentist**

M. 94276 31923

e-Mail : naini95@gmail.com

**ઉપલબ્ધ સુવિધાઓ**

દાંતની સફાઈ દાંત/ડહાપણની દાઢ પાડવી

દાંતમાં ફિલીંગ

દાંતના મૂળીયાની સારવાર (Root Canal Treatment)

પેઢાની સારવાર

દાંત અને મોઢાને લગતી સર્જરી અને ચોકઠુ.

પાયોરિયાની સારવાર (Flap Surgery)

જડબામાં થયેલ ગાંઠ – રસોળીનું ઓપરેશન

જડબામાં ફ્રેક્ચરની સારવાર–ઓપરેશન

બ્લિચીંગચાંદી પૂરવી

ડિજીટલ એક્સ રે

ડેન્ટલ ઈમ્પ્લાન્ટ

બાળકોના દાંતની સારવાર, વાંકા ચૂકા દાંતની સારવાર

---

**Shriji Dental clinic :**

Shop No 8, Below Silver Pearl Appts.,

Chankyapuri, Ahmedabad. : Time : 10.00 A.M to 1.00 P.M.

**National Dental Care :**

FF,110, Utsav Elegance, Near Bhuyandev Cross Road ,

Sola road, Ahmedabad. Time : 5.00 P.M. to 8.00 P.M.

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ (પાટણ) પરિવારના સર્વેને જય શ્રી કૃષ્ણ.

ડૉ. કિશોરભાઈ રસિકલાલ પરીખ (અંકલેશ્વર)ના જય શ્રી કૃષ્ણ.

## પ્રતિષ્ઠા મહોત્સવ વિશેષાંક – ૨૦૧૯ પ્રાપ્ત કરવા માટેનું ફોર્મ

તારીખ:...................

નામ:...........................................................................................

વાયડામિત્ર ગ્રાહક નંબર:

................................................................................................

સરનામુ :

................................................................................................

................................................................................................

................................................................................................

વિતરણ કેન્દ્રની વિગત:

................................................................................................

લેનારની સહી:

................................................................................................

આપનારની સહી:

................................................................................................

Bumper SALE
Rainbow Foot Wear
1, Shubh Duplex, Nr. Navneet House, Gurukul Road, Ahmedabad - 380052. M.: 84691 10447, 83476 66679
ફેમીલી ફૂટવેર માટે વિશ્વાસપાત્ર સ્થળ
New Stock Dhamaka
LIBERTY
RELAXO

## શ્રી સમીરી વણિક સમાજ – અમદાવાદ આયોજિત પીકનીક

શ્રી સમીરી વણિક સમાજ – અમદાવાદ દ્વારા તા. ૪–૮–૨૦૧૯ ને રવિવાર ના રોજ પ્લેઝર કલબ, બોપલ–ઘુમા રોડ, ઘુમા ખાતે પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના ઘણા બધા સભ્યોની ઈચ્છાને માન આપીને આ પીકનીકનું આયોજન કરાયેલ હોવાથી ૧૦૯ સભ્યોઓ એ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધી હતો. મોટા ભાગના સભ્યો સમયસર ૯.૩૦ કલાકે આવી પહોંચ્યા હતા આવા Early Bird પૈકીના પાંચ સભ્યોને ડ્રો પધ્ધતિથી પસંદ કરીને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શરૂઆતમાં પ્રમુખ શ્રી શૈલેશભાઈ અને સેક્રેટરી શ્રી શરદભાઈએ સૌને ઉષ્મા પૂર્વક આવકાર્યા હતા. સૌએ ચાહ–કોફી અને સ્વાદિષ્ટ સમોસા ની મઝા માણી હતી. જ્ઞાતિજનોને એકબીજાને મળવાની અને સમાચારોની આપ–લે કરવાની આ સુંદર અને આનંદદાયક પળ હતી.

શરૂઆતમાં ખુલ્લા મેદાનમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ફુગ્ગાની કપલ ગેમ તથા પગે દોરડા બાંધીને – ત્રણ પગની કપલ ગેમ મનોરંજક બની હતી. સંગીત ખુરસી અને પત્તાની રમતોમાં મોટા ભાગના સભ્યોને જોડવામાં આવ્યા હતા. આ તમામ રમતો લેડીઝવિંગની બહેનો દ્વારા આયોજીત હતી. સૌએ રવિવારની આ પીકનીક સાચા અર્થમાં માણવાનો પ્રયત્ન કર્યો હતો, કેટલાકે ઈન હાઉસ રમતો જેવી કે કેમ અને ટેબલ ટેનીસ ની મઝા માણી હતી. કોઈએ સ્વીમીંગ પુલમાં સ્વીમીંગ કરવાની, કોઈએ હીચકા, ચગડોળ, લપસણી જેવી કલબની ફેસેલીટીનો ઉપયોગ કર્યો હતો. અન્ય એક મેદાનમાં ક્રિકેટની રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરના લગભગ ૧.૦૦ વાગે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ભોજન પછી એરકંડીશન હોલમાં સૌ એકઠા થયા હતા. શ્રી સમીરી વણિક સમાજ દ્વારા આ આયોજન કેવી રીતે શકય બન્યું તેની રૂપરેખા આપવામાં આવી હતી અને ભવિષ્યમાં આ સફળ પ્રયોગ પછી વધારે સારું આયોજન કરવામાં આવશે તેવો વિશ્વાસ વ્યકત કરવામાં આવ્યો હતો. આવા સુંદર આયોજન કરવા બદલ સભ્યો દ્વારા કારોબારી સભ્યોને અભિનંદન આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/– નું ડોનેશન દીનાબેન કિરીટભાઈ પરીખ તરફથી તથા રૂા. ૧૦૦૦/–નું ડોનેશન લતાબેન લક્ષ્મીકાન્તભાઈ પરીખ તરફથી મળ્યું હતું. એક અન્ય સદ્‌ગૃહસ્થ તરફથી રૂા. ૫,૦૦૦/– નું ડોનેશન મળ્યું હતું. સૌ દાતાઓનો આભાર માનવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી ધીરેનભાઈ ગોકળદાસ પારીખે સમાજને એક ઓડીઓ – માઈક સેટ આપવાની જાહેરાત

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

અ.સૌ. સ્વ. સ્મિતા બંકિમ શાહ (અમદાવાદ) ના જય શ્રી કૃષ્ણ.

કરી હતી. વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા. લજ્જાબેન અને શૈલેશભાઈએ ૧૫ કપલો ને કપલ મેચિંગ, ગેમ રમાડી હતી જેમાં પતિ અને પત્ની એક બીજાને કેટલા જાણે છે તે પ્રતિબિંબિત થતું હતું. આ રમત મનોરંજક તો હતો જ પણ સાથે એમ બતાવતી હતી કે સફળ દામ્પત્ય માટે પતિ–પત્ની એ એક બીજાને વધારે જાણવાની જરૂર હોય છે. ત્યારબાદ લેડીઝ વિંગ દ્વારા સાદી હાઉસી તથા પત્તાની હાઉસી રમાડવામાં આવી હતી જેની ઉપસ્થિત સૌએ મઝા માણી હતી. ત્યારબાદ સાંજના ૪.૩૦ કલાકે સૌએ ચાહ–કોફી અને બિસ્કીટ નો નાસ્તો કરીને ભવિષ્યમાં આવી સુંદર પીકનીકનું આયોજન ફરીથી કરવાની ઈચ્છા વ્યકત કરી હતી. ફકત રૂા. ૨૫૦/– માં અમદાવાદ શહેરમાં આવેલા રિસોર્ટમાં આવું સુંદર આયોજન ખરેખર સરાહનીય હતું. આવા આયોજનને સફળ બનાવનાર, ભાગ લેનાર, પ્રોત્સાહિત કરનાર સૌને અભિનંદન. મા સમીરી કામદા દેવી સૌ જ્ઞાતિજનોને સંગત માણવાના આવા વધારે સંજોગો આપે તેવી અભ્યર્થના.

**– ડો. કલ્પેશ પરીખ**

## અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ - નવરાત્રી મહોત્સવ

તા. ૨૨–૦૯–૧૯, રવિવારના રોજ ૧૧–૦૦ વાગ્યે આરતીની ઉછામણી છે. દરેક જ્ઞાતિજનને આવવા વિનંતી.

**– રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ**

### સુધારો

વડોદરા દશા વાયડા મિત્ર મંડળ, વાયડ ખાતે ધર્મશાળાના બાંધકામ માટે આવેલ ફંડ વાયડામિત્રના ઓગસ્ટ, ૨૦૧૯ના અંકમાં પાના નં ૨૮ પર પ્રસિધ્ધ થયેલ વિગત નીચે મુજબ સુધારા સાથે વાંચવી.

નંબર ૨ અને ૧૨: બંદીશભાઈની જગ્યાએ બિપીનભાઈ શાહ(રંગવાલા) વાંચવુ.

નંબર ૧૭ : સ્વ. રસિકલાલ મગનલાલ શાહના સ્મરાર્થે (સ્વ. જયંતીલાલ રસિકલાલ શાહ, સ્વ. પ્રવીણભાઈ રસિકલાલ શાહ તથા શ્રી જીતેન્દ્ર રસિકલાલ શાહ તરફથી)

ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શ્રી દિપકભાઈ કાન્તીલાલ ઝવેરીની જીવન ઝરમર

જન્મ તારીખ : ૩૦–૪–૧૯૪૬ સ્થળ : પાટણ
પિતા : શ્રી કાન્તીલાલ મગનલાલ ઝવેરી (મૂળ દેત્રોજ)
માતા : શ્રીમતી કંચનબેન (મૂળ પાટણ)
મૃત્યુ તારીખ : ૨૯–૭–૨૦૧૯, સોમવાર ઉ.વ. ૭૩
પત્ની : શ્રીમતી મંજરીબેન
પુત્રો : બીરેન તથા પ્રતિક

૧૯૬૨ થી – મોતી પોરવવાનું શીખવા માંડયું
– ભાઈ કીરીટને પણ સાથે રાખ્યો.

૧૯૬૩ થી – પિતાના ઝવેરાત અને દાગીનાના ધંધામાં સાથ આપવા માંડયો.
Pre-Science પાટણમાં કર્યું
F.Y. Science સેન્ટ ઝેવીયર્સ કોલેજ અમદાવાદમાં કર્યું.

૧૯૬૪–૬૬ – L.D. Engineering Collegeમાં Diploma Electrical Engg. નો અભ્યાસ કર્યો – સાથે ધંધો ચાલુ રાખ્યો.

૧૯૬૭ થી – મોતી, જડતર તથા હીરાના દાગીનાનો ફુલ ટાઈમ ધંધો બન્ને ભાઈઓ (કીરીટ તથા મહેશ) ને સાથે રાખી કરવા માંડયો અને ખૂબ વધાર્યો

૧૯૭૫ – શ્રી મંજરીબેન સાથે લગ્ન થયા.
૧૯૮૦ – CBDT દ્વારા જવેલરી વેલ્યુઅર તરીકે નિમણુંક થઈ.
૧૯૮૮ – રીજન્ટ જવેલર્સ શોરૂમ ચાલુ કર્યો
૧૯૮૯ – ટાઈટન ઘડીયાળનો શોરૂમ ચાલુ કર્યો
૧૯૯૫ – જવેલર્સ એસોસીએશન અમદાવાદ માં વાઈસ પ્રેસીડેન્ટ નીમાયા.
૧૯૯૬ – કાલુપુર કો.ઓ. બેંકની શાખ કમિટીમાં નિમાયા.
– તે પછી તો વાયડા વણિક જ્ઞાતિની કમીટીમાં પણ નિમાયા.

વાયડા વણિક શ્રી વાયડ સંસ્થાના વર્ષો સુધી ટ્રસ્ટી તરીકે સેવાઓ આપતા રહ્યા સાથે સાથે સંસ્થાના/ટ્રસ્ટના/માતાજીના સોના – ચાંદીના દાગીના વગેરેના વેલ્યુએશન રીપોર્ટ તૈયાર કરાવવામાં પણ તેમણે ખૂબ જ સેવાઓ આપેલ. તદ્ઉપરાંત જ્ઞાતિના વિવિધ ટ્રસ્ટ જેવા કે વાયડ રસોડા ટ્રસ્ટ, શ્રી વણિક પરીષદ તથા અમદાવાદના સમસ્ત વાયડા વણિક ભાદરવા સુદ ૬ મહાવદ ૫ ના ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પણ વર્ષો સુધી સેવા આપતા રહ્યા.

– તંત્રી

‘દષ્ટિ આઈ ક્લિનિક’ – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.



હું બીજલ મૌલિક વ્યાસ, નિતીન સુરેશભાઈ ડાહ્યાભાઈ શાહ(રિટાયર્ડ ડેવલપમેન્ટ ઓફિસર, LIC, અમદાવાદ)ની દીકરી છું. મેં M.B.A (Finance) કરીને મલ્ટી નેશનલ કંપનીમાં પાંચ વર્ષ સર્વિસ કરી. નોકરી છોડીને સંકલ્પ કર્યો કે કોઈ પણ વ્યવસાય કરીશ પણ સર્વિસ તો નથી જ કરવી.

ત્યાર બાદ બે વર્ષ ઘરે રહયા બાદ હોમ મેડ કુકીઝ શીખવાનું ચાલુ કર્યું અને આજે મેં તેને એક વ્યવસાય તરીકે સ્વીકારેલ છે. તેની જ સાથે સાથે મેં LICની એજન્સી લીધેલી છે અને છેલ્લા એક વર્ષથી પ્રોફેશનલ ઈન્શ્યોરન્સ એજન્ટ તરીકે કારકિર્દી શરુ કરેલ છે.

મારા ફાધર ૩૪ વર્ષ સુધી LICમાં ડેવલપમેન્ટ ઓફિસર તરીકે સર્વિસ આપીને ઓગસ્ટ-૨૦૧૯માં નિવૃત્ત થયા છે. તેઓએ LIC અમદાવાદ ડિવીઝનમાં ઘણી સિધ્ધીઓ પ્રાપ્ત કરેલ છે. Term Insurance કઈ રીતે અને કેટલો લેવાય, PPF ઈન્વેસ્ટમેન્ટ હવે નુક્શાનકારક બનશે તેનું તેમણે રીસર્ચ કરેલ છે. પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ કંપની તથા બેંક ના એજન્ટો લોકોને કેવી રીતે ગેરમાર્ગે દોરે છે તેની જાણકારી મેળવી અને તેમાં ફસાઈ ન જવાય તે જરૂરી છે. તેઓ મારા માર્ગદર્શક છે. આશા છે કે આપ સૌનો સાથ-સહકાર મળી રહેશે જેથી હું મારા વ્યવસાયિક જીવનમાં પ્રગતિ કરી શકીશ.

## Know Your Secured LIC

- હાલના અને આવનારા સમયમાં LIC Secured/Unsecured Investment બંનેમાં Best Option છે.
- ૧૯૫૬માં ભારત સરકારે રૂ. ૫,૦૦,૦૦૦/-ની મૂડીથી LICની સ્થાપના કરી હતી.
- આજે LIC પાસે રૂ. ૨૯ લાખ કરોડનું Life Fund, રૂ. ૩૧ લાખ કરોડની એસેટ તથા ૪૦ કરોડ પોલીસીધારક છે.
- LICની ગત વર્ષની કુલ આવક રૂ. ૯ લાખ કરોડ હતી.
- ગત વર્ષે LICએ પોલીસી હોલ્ડરને રૂ. ૧,૬૩,૧૦૪/- કરોડની રકમ ક્લેમ તરીકે આપેલ છે.

**LICના બંધ થયેલ પ્લાન ઉપર એક નજર :**

- જીવન અક્ષય પ્લાન : દર વર્ષે ૭% થી ૧૨% નું વ્યાજ આપતો પેન્શન પ્લાન, આજે પણ ૧૨%ના દરે પેન્શન વીમેદારને તેમની હયાતી સુધી આપતો રહેશે અને વારસદારને ભરેલ રકમ પરત કરશે.
- ઘણા સિંગલ પ્રીમીયમ પ્લાન કે જેમાં પ્રીમીયમના ૫ થી ૧૦ ઘણું રીસ્ક કવર તથા તેની

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

ગં સ્વ. સરસ્વતીબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

સાથે સાથે ૧૦.૫%નું Tax Free cumulative Int. મળે છે.
– જીવન ધારા પ્લાનમાં ૧૦ વર્ષમાં પોલીસી હોલ્ડરને ભરેલ પ્રીમીયમના ત્રણ ગણા રૂપિયા આપી અથવા ૧૦.૪૫%ના દરે પેન્શન મળે છે અને વારસદારને ત્રણ ગણી રકમ આપશે.
– જીવનશ્રી, અદ્‌ભુત પ્લાન કે જેમાં લોકોને મેચ્યોરિટી રૂપે ગેરેન્ટેડ રૂ. ૧૪,૩૭,૫૦૦/– આપવાના હતા તેને બદલે LIC આજે રૂ. ૨૦.૮૭ લાખ આપી રહી છે. – આ છે Great LIC.
– આજે પણ LICની પાસે દરેકની જરૂરિયાત મુજબના આકર્ષક પ્લાન છે જેમ કે જીવન લાભ, જીવન ઉમંગ, જીવન લક્ષ્ય, જીવન તરંગ...
– LICનો નવો ઓછા પ્રીમીયમથી Big Risk cover કરતો જીવન અમર પ્લાન અને ફક્ત Online મળતો Tech Term વીમો તો દરેક તંદુરસ્ત વ્યક્તિએ લેવો જ જોઈએ.

પ્રાઈવેટ લાઈફ ઈસ્શ્યોરન્સ કંપનીની જો આપની પાસે પોલીસી હોય તો તેમાં મળતા લાભની જાણકારી હોવી ખૂબ જ જરૂરી છે નહીતર તમારી કિંમતી બચતનું નુકશાન થવાની પૂરેપૂરી શક્યતા છે. આપની હાલની દરેક પોલીસી વિશે અને નવા પ્લાનની વધુ જાણકારી માટે મારો સંપર્ક કરવો.

આપની,
બીજલ વ્યાસ
મો.: ૯૯૯૮૫ ૨૬૧૬૦, E-Mail.: bijalshahh@gmail.com




સ્વ. ભગવાનદાસ નારણદાસ શાહ (મુંબઈ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

**શ્રી વાયડા વણિક વાયડ સંસ્થા – પ્રતિષ્ઠા મહોત્સવ – ૨૦૧૯ વિશેષાંક**

સર્વે જ્ઞાતિજનોને જણાવતા આનંદ થાય છે કે પાંચમી પ્રતિષ્ઠાનો વિશેષાંક ટૂંક સમયમાં પ્રસિદ્ધ થઈ જશે તેના વિતરણની વ્યવસ્થા નીચે મુજબ રાખવામાં આવેલ છે. જ્ઞાતિજનો **એક કોપી** તેમના નજીકના પ્રતિનીધી પાસેથી તા. ૨૫–૯–૨૦૧૯ પછી પ્રાપ્ત કરી શકે છે. આ સાથે વાયડામિત્રમાં **પેજ નં ૩૨** ઉપર ફોર્મ પ્રસિધ્ધ કરેલ છે તે લઈને નીચેના વિતરણ કેન્દ્ર ઉપર જવું.

**અમદાવાદ** :૧. શ્રી નાનુભાઈ શાહ, શ્રી વાયુદેવતાજી મંદિર, ભાવના ફ્લેટ્સ પાછળ, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯–૨૬૬૩૦૫૭૧

૨. શ્રી ઉમાકાંતભાઈ પરીખ, શ્રી જે.જે. પરીખ એન્ડ બ્રધર્સ, ૧૯, મહાકાંત, આશ્રમ રોડ, અમદાવાદ. મો. ૯૯૦૯૨ ૬૫૨૭૦

૩. શ્રી વ્રજેશભાઈ પરીખ, બી–૩૦૬, રૂદ્ર આર્કેડ, હેલ્મેટ સર્કલ, ડ્રાઈવ ઈન રોડ, અમદાવાદ. ફોન.: ૦૭૯–૨૭૪૧૨૧૯૩

**પાટણ** : શ્રી અજયભાઈ પરીખ, શ્રી ગિરીરાજ શુટિંગ શર્ટિંગ, ૩/૪, અવીપ કોમ્પલ્એસ્ક, સ્ટેટ બેંક રોડ, વેરાઈ ચકલા, પાટણ. મો. ૯૮૨૪૬ ૬૭૩૨૩.

**વડોદરા** : શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ, મો. ૯૮૨૪૦ ૩૧૭૪૭

– ગૌરી સાડી, એમ.જી. રોડ, વડોદરા.

– ગૌરી હાઉસ, ઓ.પી.રોડ, મનિષા ચોકડી પાસે, વડોદરા.

**ભરુચ** :શ્રી મહેન્દ્રભાઈ ચોક્સી, આર.વી. જ્વેલર્સ, ૨૭, પનામા પ્લાઝા, પાંચ બત્તી, રીલીફ સિનેમા સામે, ભરુચ. મો.: ૯૮૨૫૦ ૨૩૮૬૦

**સુરત** : શ્રી નરેશભાઈ ડી. શાહ, ૩૦૬, શાલીભદ્ર કોમ્પલેક્સ, નાનપુરા, તીમલીવાડ, એલ.આઈ.સી સ્ટાફ્ફ કવાર્ટર પાસે, સુરત – ૩૯૫ ૦૦૧. મો.: ૯૪૨૬૭ ૪૬૩૦૦

**મુંબઈ** : ૧. શ્રી પી.કે. શાહ, એ–૬૦૩, સાંઈ આશાદીપ, સેવારામ લાલવાણી રોડ, વિઠઠલનગર, મુલુંડ (પ), મુંબઈ.

૨. જગતભાઈ દલાલ, બી–૯૦૧, એવરેસ્ટ ગાર્ડન્સ, લીન્ક રોડ, લક્ષ્મીનગર પાસે, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ–૪૦૦ ૦૭૫, મો.: ૯૮૬૭૨ ૦૯૯૮૯

૩. દીપકભાઈ દલાલ, કમલા ભુવન, ગાર્ડન સામે, ૪૨, મહાત્મા ગાંધી રોડ, વીલે પાર્લે (પૂ), મુંબઈ. મો.: ૭૦૨૧૭ ૧૯૯૫૭

**ભૂજ–કચ્છ** :વી.કે. મશીનરી એન્ડ ટુલ્સ કો, સ્ટેશન રોડ, ભૂજ–કચ્છ.

કડી : શ્રી બકુલભાઈ રામલાલ પરીખ. મો.: ૯૮૨૫૩ ૩૪૯૧૩

**– રમેન્દ્રભાઈ જે. પરીખ, પ્રમુખ, વાયડા વણિક વાયડ સંસ્થા**

પ્રવીણાબહેન દીપકભાઈ દલાલ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ ના જય શ્રી કૃષ્ણ.

‘આરતી મેટરનીટી હોસ્પિટલ’ ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

## તા. ૧–૮–૨૦૧૯ થી તા. ૩૧–૮–૨૦૧૯ સુધી મળેલ રકમની યાદી

| પહોંચ | રકમ | નામ | ગામ | વિગત |
|---|---|---|---|---|
| ૧૦૪૯ | ૬૦૦ | આરતી મેટરનીટી હોસ્પિટલ | ડીસા | પે – જા.ખ |
| ૧૦૫૦ | ૧૨૦૦ | દ્રષ્ટિ આઇ ક્લિનીક | મુંબઈ | પે – જા.ખ |
| ૧૦૫૧ | ૧૨૦૦ | શ્રી પરિમલભાઈ પરીખ | અમદાવાદ | પે – જા.ખ |
| ૧૦૫૨ | ૪૦૦ | શ્રી વિજયભાઈ તુલસીદાસ શાહ | મુંબઈ | અન્ય–જા.ખ |
| ૧૦૫૩ | ૬૦૦ | શ્રી પ્રાણજીવનભાઈ વેલજીભાઈ શાહ | મુંબઈ | પે– જા.ખ |
| ૧૦૫૪ | ૬૦૦ | સ્વ. હરિશિભાઈ રસિકભાઈ પરીખ પરિવાર | ભરુચ | પે– જા.ખ |
| ૧૦૫૫ | ૫૦૦ | પરીખ ઈન્ડસ્ટ્રીસ | અમદાવાદ | દિ.જા.ખ |
| ૧૦૫૬ | ૩૦૦૦ | ટેકફ્લો એન્ટરપ્રાઈઝ પ્રા. લિ | અમદાવાદ | ઈ–મેગેઝીન જાખ |

– **વ્યવસ્થાપક**

### લગ્ન વિષયક

**અમદાવાદ સ્થિત પરિવારનો યુવક જ. તા. ૨૭–૯–૯૨,** B.Tech (Mech.) **ની ડીગ્રી ધરાવતા ઉંચાઈ ૫ ફુટ, ૮ ઇંચ, વજન ૮૦ કીલો, યુવક માટે યોગ્ય યુવતીના વાલી તરફથી પત્રવ્યહાર આવકાર્ય છે.**

E-mail : rashmikantrshah@gmail.com

M.: 9825628177

### અભિનંદન

**ચંદ્રકાન્ત બી. શાહ (મૂ. વતન દેત્રોજ), હાલ** Professor Emeritus**તરીકે** CEPT University, **અમદાવાદમાં કાર્યરત છે. તેમણે લખેલ સંશોધન લેખ** “Green Concrete” **ચૈન્નાઈથી પ્રકાશિત** “Masterbuilders” **ના જુલાઈ ૨૦૧૯ના અંકમાં સમાવાયો છે. આ લેખમાં મકાન વપરાતા** Concrete **માં સિમેન્ટનો ઉપયોગ ઘટાડીને સિમેન્ટ જેવી ગુણવત્તા ધરાવતા ઔદ્યોગિક** Waste, Flyash **નો ઉપયોગ કરીને** Concrete **ગુણવત્તા જાળવી રાખીને તેના ઉત્પાદનમાં વપરાતી** Energy**નો બચાવ કેવી રીતે થઈ શકે તે સમાવાયું છે.**

– **તંત્રી**

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક :** દીપક મહેન્દ્રભાઈ શાહ, ૭, અશ્વમેઘ સોસાયટી, બેંક ઓફ મહારાષ્ટ્રની પાછળની લાઈન, દીરજ સન્સની સામે, કસક સર્કલ પાસે, ભરૂચ–૩૯૨૦૦૧.

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત શ્રી પ્રમોદભાઈને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

## પરીક્ષા પાસ

માધાપર : શ્રી પિયૂષ પ્રદીપભાઈ શાહે બી.એ. ની પરીક્ષા ૭૦.૭૯% માર્ક્સ સાથે પાસ કરેલ છે.

મુંબઈ : કિન્નરી કેતન શાહ, એસ.એસ.સી ૯૫%

અમદાવાદ : સમીર રશ્મિકાંત પરીખ, બૃહદ ગુજરાત સંગીત સમિતિ (ગાંધર્વ મહા વિદ્યાલય), માર્ચ ૧૯માં સંગીત વિશારદ(ગાયન)ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી છે.

અમદાવાદ : સી.એ. ઝીલ રાકેશ પરીખ, જૂન–૨૦૧૯, સી.એફ.એ લેવલ ૨, સી.એફ.એ ઈન્સટીટયુટ, યુ.એસ.એ

## અવસાન નોંધ

વડોદરા : મૂળ પાટણનાં વતની શ્રી અરવિંદભાઈ માણેકલાલ બેંકર (આબુવાળા) ઉ.વ. ૮૧ નો તા. ૧૬–૮–૨૦૧૯ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

વડોદરા : કુસુમબેન ચંદ્રકાંતભાઈ પરીખ, મૂળ પાટણ, ઉવ. ૮૪, તા. ૨૫–૭–૧૦૯

મુંબઈ : અરુણાબેન પ્રવીણચંદ્ર શાહ, તા. ૧૬–૬–૨૦૧૯

ભરુચ : સ્નેહલતાબહેન દ્વારકાદાસ શાહ, ઉ.વ. ૮૮, તા. ૭–૮–૨૦૧૯

એમ. જે. નગરશેઠ (અમેરિકા)ના જય શ્રી કૃષ્ણ.

# શ્રદ્ધાંજલિ

★★★



**સ્વ. સ્નેહલતાબેન દ્વારકાદાસ શાહ**
**મૂળ અમદાવાદ, હાલ ભરુચ**
**શ્રીજી ચરણ : ૭-૦૮-૨૦૧૯**

પરમકૃપાળુ પરમાત્મા આપના જીવાત્માને
ચિર : શાંતિ અર્પે તેમજ આવી પડેલ દુ:ખ
સહન કરવાની સૌને શક્તિ અર્પે એ જ પ્રાર્થના

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**
**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ કેળવણી ટ્રસ્ટ**

## દીપોત્સવી અંક અંગે

દિવાળી અંકમાં ઘણા જ્ઞાતિબંધુઓ પોતાની જાહેરાત આપી ‘વાયડામિત્ર’ પ્રત્યેની શુભ ભાવના પ્રગટ કરે છે. આનાથી ‘વાયડામિત્ર’ને આર્થિક રીતે ઘણી મોટી મદદ મળી રહે છે. અમે તે સૌનાં આભારી છીએ. વાયડા મિત્રને મદદ કરવાનાં ઉદ્દેશ્યથી ચાલુ વર્ષે નવીન જાહેર ખબર આપવાની ઈચ્છા હોય તો મને જણાવવા આગ્રહભરી વિનંતી છે. **નવા વર્ષે જાહેરખબરના દરમાં ફેરફાર કરવામાં આવ્યા છે જેની વાચકમિત્રોએ નોંધ લેવા વિનંતી.**

- આ વર્ષે દિવાળી અંક **૧૦મી ઑક્ટોબરે** પ્રસિદ્ધ થશે જેથી નવેમ્બર માસનો અંક પ્રસિદ્ધ થશે નહિ, જેની વાચકમિત્રોએ ખાસ નોંધ લેવા વિનંતી છે.
- દિવાળી અંકનાં અંદરનાં પાનાંઓમાં આગલા વર્ષે જેમની જા.ખ. છપાઈ હોય તેમની જા.ખ. બીજા વર્ષે પણ રિપીટ કરવામાં આવે છે.
- આપની જા.ખ.ના લખાણમાં ફેરફાર કરવાનો હોય અગર સંજોગોવશાત્ જા.ખ. છાપવાની ન હોય તો તા. ૨૦-૦૯-૨૦૧૯ સુધીમાં ફક્ત લેખિતમાં (Whats App, SMS, email અથવા પત્ર દ્વારા) જાણ કરવી અન્યથા ગત વર્ષની જેમ જ જા.ખ. છાપીશું. ચાલુ
- દિવાળી અંકના ટાઈટલ પેજ (૨,૩,૪) ઉપર ઘણાં ભાઈ-બહેનો પોતાની જાહેરાત છપાવવા ઇચ્છે છે પરંતુ બધી જા.ખ.નો સમાવેશ થઈ શકતો નથી. આથી જ્ઞાતિબંધુઓની માંગણીને માન આપી આ વર્ષે પણ બે કવર પેજ (મલ્ટીકલર) છાપવાનો નિર્ણય કરેલ છે. (એક આઉટર કવર પેજ તથા બીજુ ઈનર કવર પેજ). **બેક કવર પેજનો દર રૂ. ૩૦૦૦/- તથા ૬(છ) ઈનર કવર પેજનો દર રૂ. ૨૦૦૦/- રાખેલ છે. ૨૦-૦૯-૨૦૧૯ પહેલાં મને જાણ કરવા વિનંતી છે.** આવેલ વિનંતીઓમાંથી ડ્રો દ્વારા નક્કી કરી ટાઈટલ પેજ ઉપર જા.ખ. છાપવામાં આવશે.
- અંદરના પાને મલ્ટી કલર પેજ છાપવાનો દર **રૂ. ૧૫૦૦/-** રાખેલ છે.
- દિવાળી અંકમાં આખા પેજ પર સિંગલ કલરમાં જા.ખ. છાપવાનો દર **રૂ.૬૫૦/-** છે જ્યારે અડધા પાનાની સિંગલ કલર જા.ખનો દર **રૂ.૩૫૦/-** છે.
- દિવાળી અંક માટેની જા.ખ. ફક્ત jpeg ફાઈલમાં મોકલવાની રહેશે.
- જા.ખ.ની સાઈઝ 12 cm (W) x 16 cm (H) ની રહેશે.
- **દિવાળી અંક માટેના અહેવાલ, વાર્તાઓ, લેખ તથા કવિતાઓ મોકલવાની છેલ્લી તારીખ ૨૦-૦૯-૧૯ છે જે ફક્ત તંત્રીશ્રીને મોકલવા જેની સૌ વાચકમિત્રો એ સવિશેષ નોંધ લેવી.**

**- નિશીથ એ. પરીખ, વ્યવસ્થાપક**



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN
### Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Regi. under RNI No.6316/57. Permitted to post at Ahmedabad PSO on 10th of every month under postal regd. No. MEH Dn.-296 issued by SSP, Mehsana, Valid upto 31-12-2021

પ્રકાશન ૧૦/૯/૨૦૧૯



ઈન્દુભાઈ ડાહ્યાભાઈ શાહ પરિવાર

તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,

અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH